dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 222 | AD - 2025, Vaishakh Vad - 05 | Saturday, Dt.17-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## સંરક્ષણ પ્રધાને ભારત-પાકિસ્તાન સરહદ નજીક ભુજ એરબેઝની મુલાકાત લીધી

# 'ઓપરેશન સિંદૂર ટ્રેલર છે, પિક્ચર હજુ બાકી છે' : રાજનાથસિંહ

ભુજ, તા.૧૬

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે ભારત-પાકિસ્તાન સરહદ નજીક ભુજ એરબેઝની મુલાકાત લીધી હતી. રાજનાથ સિંહે અહીં વાયુસેનાના સૈનિકો સાથે વાત કરી હતી. તમને જણાવી દઈએ કે ભુજ એરબેઝ ભારતના તે કેન્દ્રોમાંથી એક હતું જેને ગયા અઠવાડિયે પાકિસ્તાની સેના દ્વારા નિશાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં પાકિસ્તાની આતંકવાદીઓ સામે હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરમાં, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનને ઘૂંટણિયે લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શુક્રવારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એરબેઝ પર વાયુસેનાના યોદ્ધાઓને સંબોધિત કર્યા હતા. રાજનાથ સિંહ સાથે વાયુસેનાના વડા એર માર્શલ એ.પી. સિંહ પણ પહોંચ્યા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પહેલગામમાં માર્યા ગયેલા તમામ નિર્દોષ નાગરિકો અને 'ઓપરેશન સિંદૂર' દરમિયાન શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે મને આપણા દેશના મજબૂત હાથ ભુજમાં તમારા બધાની વચ્ચે રહીને ખૂબ ગર્વ છે. આ ભુજે ૧૯૬૫માં પાકિસ્તાન સામે આપણી જીત જોઈ છે. આ ભુજે ૧૯૭૧માં પાકિસ્તાન સામે આપણી જીત જોઈ છે. અને આજે ફરી એકવાર, આ ભુજે પાકિસ્તાન સામે આપણી જીત જોઈ છે. તેની માટીમાં દેશભક્તિની સુગંધ છે અને તેના સૈનિકોમાં ભારતની રક્ષા કરવાનો અટલ સંકલ્પ છે. હું સશસ્ત્ર



દળો અને બીએસએફના તમામ બહાદુર સૈનિકોને સલામ કરું છું, જેમાં આપ બધા વાયુસેનાના યોદ્ધાઓનો પણ સમાવેશ થાય છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે હું અહીં એક વધુ વાત સ્પષ્ટ કરવા માંગુ છું. 'ઓપરેશન સિંદૂર' હજુ પૂરું થયું નથી. જે કંઈ થયું તે ફક્ત ટ્રેલર હતું. જ્યારે યોગ્ય સમય આવશે, ત્યારે અમે સંપૂર્ણ ચિત્ર પણ બતાવીશું.રાજનાથ સિંહે કહ્યું કે ગઈકાલે હું ભારતના ઉત્તર ભાગમાં સૈનિકોને મળ્યો હતો. આજે હું ભારતના પશ્ચિમ ભાગમાં વાયુસેનાના યોદ્ધાઓ અને સૈનિકોને મળી રહ્યો છું. બંને મોરચા પર ઉચ્ચ ઉર્જા અને ઉચ્ચ ઉત્સાહ જોઈને, મને ફરી એકવાર ખાતરી થઈ છે કે ભારતની સરહદો તમારા બધાના મજબૂત હાથોમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. રાજનાથ સિંહે સૈનિકોને કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન તમે જે કંઈ કર્યું તેનાથી સમગ્ર દેશ ગર્વથી ભરાઈ ગયો છે. ભારતીય વાયુસેના માટે, પાકિસ્તાની ધરતી પર ઉગતા આતંકના અજગરને કચડી નાખવા માટે માત્ર ૨૩ મિનિટ પૂરતી હતી. જો હું એમ કહું કે લોકોને નાસ્તો કરવામાં જેટલો સમય લાગે છે, તેટલા સમયમાં તમે દુશ્મનોનો નાશ કરી દીધો તો ખોટું નહીં હોય. દુશ્મનના પ્રદેશમાં તમે છોડેલી મિસાઈલોનો પડઘો આખી દુનિયાએ સાંભળ્યો. અને હકીકતમાં, તે પડઘો ફક્ત મિસાઈલનો નહોતો, તે પડઘો તમારી બહાદુરી અને ભારતની વીરતાનો હતો. રાજનાથ સિંહે કહ્યું કે એ કોઈ નાની વાત નથી કે આપણી વાયુસેના પાકિસ્તાનના દરેક ખૂણા સુધી પહોંચે છે, આ વાત સંપૂર્ણપણે સાબિત થઈ ગઈ છે. આજે પરિસ્થિતિ એવી છે કે ભારતના લડાકુ વિમાનો સરહદ પાર કર્યા વિના, અહીંથી દુશ્મન દેશના દરેક ખૂણા પર પ્રહાર કરવા સક્ષમ છે. આખી દુનિયાએ જોયું છે કે તમે પાકિસ્તાનની ધરતી પર નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કેવી રીતે કર્યો; ત્યારબાદની કાર્યવાહીમાં, તેમના ઘણા એરબેઝનો નાશ કરવામાં આવ્યો.

# વિશ્વમાં અનિશ્ચિતતા વચ્ચે ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે : સંયુક્ત રાષ્ટ્રનો અંદાજ

નવીદિલ્હી, તા.૧૬

સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૫ માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડીને ૬.૩ ટકા કર્યો છે. જાન્યુઆરી ૨૦૨૫ માં, આ અંદાજ ૬.૬% હતો. જોકે, આ ઘટાડા છતાં, ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક ગણવામાં આવે છે. આ માહિતી ૧૬ મેના રોજ પ્રકાશિત થયેલા સંયુક્ત રાષ્ટ્રના નવા રિપોર્ટ 'ધ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ ટુ મિડ-૨૦૨૫'માં આપવામાં આવી



છે. અહેવાલ મુજબ, ભારતની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા મુખ્યત્વે મજબૂત સ્થાનિક વપરાશ અને સરકારી રોકાણ દ્વારા સમર્થિત છે. આ ઉપરાંત, સેવા ક્ષેત્રની નિકાસ પણ આર્થિક વૃદ્ધિને મજબૂત બનાવી રહી છે. ભારતના આર્થિક વિકાસને ખાનગી વપરાશ, જાહેર રોકાણ અને મજબૂત સેવાઓ નિકાસ દ્વારા ટેકો મળે છે, તેમ અહેવાલમાં જણાવાયું છે. યુએનના અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્ર હાલમાં જોખમી સ્થિતિમાં છે. અમેરિકા દ્વારા ટેરિફમાં વધારાથી વૈશ્વિક સપ્લાય ચેઈન પર અસર પડી છે. આનાથી ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે અને રોકાણમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. આનાથી ભારતની વેપારી નિકાસ પર પણ અસર પડી શકે છે, જોકે ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ, ઊર્જા અને તાંબા જેવા ક્ષેત્રો હાલમાં આ અસરથી બચી ગયા છે. આ અહેવાલ એ વાત પર ભાર મૂકીને સમાપ્ત થાય છે કે વધતા વૈશ્વિક વેપાર તણાવ અને નીતિગત અનિશ્ચિતતા વચ્ચે, બહુપક્ષીય સહયોગને મજબૂત બનાવવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. 'વિકાસશીલ અને સંવેદનશીલ અર્થતંત્રોને લક્ષિત સમર્થન અને નિયમો-આધારિત વેપાર પ્રણાલીને પુનર્જીવિત કરવી ટકાઉ વિકાસ માટે મહત્વપૂર્ણ રહેશે.'

# જમ્મુ-કાશ્મીરના ત્રાલ અને શોપિયામાં બે દિવસમાં ૬ આતંકીઓને ઠાર મરાયા

શ્રીનગર,તા.૧૬

પહેલગામ આતંકવાદી હુમલા બાદથી સેના દ્વારા એક બાદ એક આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

એવામાં શુક્રવારે ભારતીય સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદ કરવામાં આવી હતી જેમાં જાણકારી આપવામાં આવી છે



કે જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ૪૮ કલાકમાં બે મોટા ઓપરેશન હેઠળ છ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે.

સેનાએ જણાવ્યું છે કે કાશ્મીરના ત્રાલ અને શોપિયામાં બે ઓપરેશન ચલાવવામાં આવ્યા હતા. એક ઓપરેશન ગ્રામીણ વિસ્તારમાં હતું જ્યારે બીજું પહાડી વિસ્તારમાં. કુલ છ આતંકવાદીઓનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે.

સેનાએ જણાવ્યું છે કે આ જ રીતે કાશ્મીરમાંથી આતંકવાદીઓનો સફાયો કરવામાં આવશે. સુરક્ષાદળો વચ્ચે સામંજસ્ય ખૂબ સારું રહ્યું જેના કારણે ઓપરેશન સફળ રહ્યું. લોકોનો પણ સારો સહયોગ મળ્યો તેથી તેમનો પણ આભાર માનવામાં આવ્યો હતો.

## સહકાર બદલ સેનાએ કાશ્મીરીઓનો આભાર માન્યો




# દેશના ૨૯ રાજ્યમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની ચેતવણી



ન્યુ દિલ્હી,તા.૧૬

હવામાન વિભાગે શુક્રવારે ૨૯ રાજ્યોમાં તોફાન અને વરસાદનું એલર્ટ જારી કર્યું છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, હરિયાણા, પંજાબ પણ સામેલ છે. મધ્યપ્રદેશના ૨૧ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદની ચેતવણી આપવામાં આવી છે. બાકીના જિલ્લાઓમાં ગરમીનું મોજું આવવાની શક્યતા છે. પટના સહિત બિહારના ૨૪ જિલ્લાઓમાં હીટવેવ માટે યલો એલર્ટ છે. ૧૪ જિલ્લામાં વરસાદની શક્યતા છે. ગુરુવારે રાજસ્થાનના ૬ જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૪.૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. શ્રીગંગાનગરમાં સિઝનનું સૌથી વધુ તાપમાન ૪૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. હવામાન વિભાગે રાજ્યના ૧૧ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી આપી છે. બિકાનેર-શ્રીગંગાનગરમાં ગરમીની ચેતવણી આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળના નાદિયા અને જલપાઈગુડીમાં વીજળી પડવાથી ત્રણ લોકોના મોત થયા અને પાંચ લોકો ઘાયલ થયા. આ લોકો વરસાદથી બચવા માટે એક ઝાડ નીચે ઉભા હતા, ત્યારે અચાનક વીજળી પડી. દરમિયાન, ગુરુવારે ઝારખંડના ચૈબાસામાં વીજળી પડવાથી એક CRPF જવાનનું મોત થયું હતું. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઝારખંડમાં હવામાન ખરાબ રહેશે. ઉપરાંત, ઓડિશામાં ગાજવીજ અને વીજળી સાથે વરસાદ પડી શકે છે. દક્ષિણ ભારતમાં, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપ ભારે વરસાદથી પ્રભાવિત થશે. ઉત્તરપૂર્વ ભારતના મોટાભાગના ભાગોમાં સતત ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ હળવો વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

## પં.બંગાળમાં વીજળી પડતા ત્રણ લોકોના મોત









### સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદ, કેરીના રસિકોને કેરી ખાવા માટે વધુ રૂપિયા ચુકવવા પડશે

# અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની કમર તોડી

**મયુર પંડયા**
અમરેલી,તા.૧૬

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભરઉનાળે કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના પાકને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. જ્યારે હવામાન વિભાગે હજુ ૪ દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ, કરા પડવા અને ૬૦-૮૦ની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી હતી, ત્યારે કમોસમી વરસાદના કારણે અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોના કેરી, ટેટી સહિતના પાકને ભારે નુકસાન થવાથી ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે.



અમરેલી જિલ્લાના યાર્ડમાં ખુલ્લામાં રાખેલો પાક પલળી જતાં ખેડૂતો-વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ઉનાળાની ઋતુમાં માવઠું થતાં ખેતી અને બાગાયતી પાકને ભારે નુકસાન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. અમરેલી જિલ્લામાં ખૂબ જ કમોસમી વરસાદ થયો છે જેના કારણે ખેતી પાકને ભારે નુકસાન થયું છે. ખાસ કરીને કેરીના પાકને ભારે નુકસાન થયું છે. વરસાદના કારણે ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે.

**બાગાયતી પાકની સાથે ડુંગળી, ઘાસચારા સહિતના પાકને ભારે નુકસાન**

અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં અચાનક પડેલા કમોસમી વરસાદના કારણે બાગાયતી પાકમાં ભારે નુકસાન થયું છે. પવન સાથે જોરદાર કરા અને વરસાદ પડતા આંબા પરથી કેરીના ફળો નીચે પડી ગયા છે, જેના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઈજારાદારે જણાવ્યું કે તેઓ ધારી વિસ્તારમાં દીતલા ગામમાં આંબાનો ઈજારો રાખે છે. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ધારી, સાવરકુંડલા અને ખાંભાના ગ્રામીણ વિસ્તારોમાં ઈજારો રાખતા આવ્યા છે. આ વખતે અમરેલી જિલ્લામાં અચાનક કમોસમી વરસાદ અને પવનની સાથે આંબા પર રહેલી કેરીઓ નીચે પડી ગઈ છે, જેના કારણે તેમને ભારે નુકસાન થવાનું છે. ૧૫ વીઘાના બગીચામાં ત્રણ લાખથી વધુનું નુકસાન થયું છે. ચાલુ સિઝનમાં ફ્લાવરિંગ સરસ આવ્યું હતું, પરંતુ ઈજારો લેવાની સાથે જ ફ્લાવરિંગ ખરવા લાગ્યું હતું, જેના કારણે ઈજારાદારને ભારે નુકસાન થયું છે. ત્યારબાદ કમોસમી વરસાદ પડ્યો, જેના કારણે આંબા પર રહેલી કેરી ખરી પડી છે અને હવે આંબા પર રહેલી કેરીમાં રોગ અને જીવાતનો ઉપદ્રવ આવશે, જેથી કેરીને મોટું નુકસાન થશે. અમરેલી જિલ્લામાં આંબાના બગીચા લહેરાઈ ગયા છે, જેમાં આ વખતે અસામાન્ય વરસાદ વિઘ્નરૂપ સાબિત થયો છે. હવે કેરી ખાવાના રસિકોને કેરી માટે વધુ રૂપિયા ચૂકવવા પડશે. આ સાથે, ખેડૂતો અને ઈજારાદારોને લાખો રૂપિયાની નુકસાનીનો સામનો કરવો પડી રહ્યો છે. કેરીનું ફ્લાવરિંગ ખરી પડતાં મોટું નુકસાન થયું અને પછી અસામાન્ય વરસાદના કારણે ૫૦% જેટલો પાક જ બચ્યો છે. હાલ, આંબા પર ૨% થી ૫% સુધીનો જ પાક છે, જેના કારણે ખેડૂતો અને ઈજારાદારોને ભારે નુકસાની ભોગવવી પડી રહી છે. ખાસ કરીને સાવરકુંડલા, ખાંભા, ધારી પંથકમાં કેરીના બગીચા વ ધ



છે જો કે કમોસમી વરસાદને કારણે ઈજારાદારની સાથે ખેડૂતોની આર્થિક કમર પણ કમોસમી વરસાદે તોડી નાખી છે.

**ભારે વરસાદને કારણે ખેતરો પાણી-પાણી**

**અમરેલી જિલ્લામાં છેલ્લાં પાંચ દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયા છે. ખેડૂત ખેતરમાં જઈ શકતો નથી. હવામાન ખાતા તરફથી હજુ પણ વરસાદની આગાહી કરવામાં આવી હોવાથી ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે.**

**સર્વે કરી તાત્કાલિક સહાય ચુકવવા ખેડૂતોએ માંગ કરી**

**અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે. બાગાયતી પાકની સાથે ડુંગળી, ઘાસચારો સહિતના પાકને ભારે નુકસાન થયુ છે. ખેડૂતોની ડુંગળી ખેતરમાં લણેલી હોવાથી માથે વરસાદ પડતા ડુંગળીમાં ભારે નુકસાન ગયુ છે. ખેડૂતોને પાકમાં ભારે નુકસાન ગયું હોવાથી સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરી સહાય ચુકવવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યાં છે.**

## ધારીના ગોવિંદપુર ગામની યુવતીને શખ્સ ફોસલાવીને ભગાડી ગયો

ધારી, તા.૧૬

ધારી તાલુકાના સુખપુર ગામમાં રહેતા એક પરિવારની દીકરીને મનીષ વાઢેર નામનો શખ્સ બદકામ કરવાના ઈરાદે ઉઠાવી ગયો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગોવિંદપુર ખાતે ખેતમજૂરી કરતા પરિવારની દીકરીને આ શખ્સ ભગાડી જતા પરિવારમાં દુઃખ સાથે રોષ વ્યાપ્યો હતો. આરોપી મનીષે અગાઉ આ યુવતીને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી, જેનો યુવતીએ સ્વીકાર કરતા મનીષ સાથે તેની મિત્રતા બંધાઈ હતી. ધીમે ધીમે મનીષ યુવતીના ઘરે પણ આવવા લાગ્યો હતો અને તેણે આ પરિવારનો વિશ્વાસ પણ કેળવ્યો હતો. અચાનક એક દિવસ મોકો જોઈને દીકરીને લઈને ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ યુવતીના માતા-પિતાને થતા તાત્કાલિક ધારી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. હાલ ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ દેસાઈએ આરોપીને પકડવાના પ્રયત્નો શરૂ કર્યા છે.

## સાવરકુંડલામાં સદભાવના ગ્રૃપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૬



ઓપરેશન સિંદૂર અંતર્ગત વર્તમાન અને ભવિષ્યની સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે, સદભાવના ગ્રુપ દ્વારા સાવરકુંડલામાં અમરેલી રેડક્રોસ સોસાયટીના સહયોગથી એક સફળ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના સેવાભાવી રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૧૦૧ યુનિટ અમૂલ્ય રક્તનું દાન કર્યું હતું.

## ગોઢાવદર શાળામાં ૧૯૯૫માં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

ગોઢાવદર, તા.૧૬

લીલીયા તાલુકાના ગોઢાવદર પ્રાથમિક શાળામાં વર્ષ ૧૯૯૫માં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનો સ્નેહમિલન અને સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બોલાવીને તેઓ હાલમાં શું પ્રવૃત્તિ, વ્યવસાય કે નોકરી કરી રહ્યા છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તે સમયના આચાર્ય કરમશીભાઈ ભુવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ એક જૂથ બનાવીને એકબીજાને મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા હતા. મેહુલભાઈ ગજેરા અને હિતેશભાઈ ગજેરાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.



## અમરેલી જિલ્લા બાર એસો.એ બદલી પામેલા ન્યાયાધીશોને વિદાય આપી

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા તાજેતરમાં બદલી પામેલા ન્યાયધીશો માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ફેમિલી જજ સોની, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ એમ.જે. સૈયદ, ચીફ જ્યુડિશિયલ




મેજિસ્ટ્રેટ એન.જે. નાઈ, એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વ્યાસ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ગઢવીને નવા સ્ટેશન પર તેમની નિમણૂક થવા બદલ વિદાય આપવામાં આવી હતી. બાર એસોસિએશનના સભ્યોએ તેમના કાર્યકાળ દરમિયાનના સહકાર અને માર્ગદર્શન બદલ તેમનો આભાર માન્યો હતો. વિદાય સમારોહમાં ઉપસ્થિત વકીલ મિત્રોએ બદલી પામેલા ન્યાયધીશોને તેમની ભાવિ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી.

## સા.કુંડલામાં લોકોને મુશ્કેલી ન પડે તેવી વ્યવસ્થા કરવા ધારાસભ્યની રજૂઆત

**જવાબદાર તંત્રને તાકિદ કરવામાં આવી**

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા શહેરમાં ચાલી રહેલ રાજ્ય ધોરીમાર્ગની કામગીરી અને નાવલી નદી પરની ગટર કામગીરીને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય મહેશભાઈ કસાવાળાએ સંબંધિત તંત્રને કડક સૂચનાઓ આપી છે કે, મુખ્ય બજાર વિસ્તારમાં લોકોની અવરજવરને ધ્યાનમાં રાખીને સાઈન બોર્ડ અને બેરીકેટ મૂકવા. તાજેતરના કમોસમી વરસાદને કારણે થયેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને,



આગામી ચોમાસામાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે જી.યુ. ડી.સી. માર્ગ અને મકાન વિભાગ તથા નગરપાલિકાને જરૂરી વ્યવસ્થા કરવા તાકીદ કરવામાં આવી છે, જેથી લોકોના જાનમાલનું રક્ષણ થઈ શકે અને ભવિષ્યમાં આવી મુશ્કેલીઓ નિવારી શકાય તેમ અંતમાં ધારાસભ્યએ જણાવ્યું હતું.









વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિધાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...
ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE
ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE
ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિધાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિધાગુરૂ માં...
• Smart Board ધરાવતા ક્લાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86

# સા.કુંડલામાં નવા બનતા રોડના ખાડામાં પડી જવાથી અકસ્માતમાં બાઈક સવારનું મોત

## રાત્રીના સમયે રોડના ખોદકામમાં પડી જવાની ઘટના બની



સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા શહેરમાં સ્ટેટ હાઈવે પર એક દુઃખદ ઘટના બની છે. રોડ અકસ્માતના કારણે એક બાઈક સવારનું મોત નિપજ્યું છે. અમરેલીથી સાવરકુંડલા તરફ જતા માર્ગ પર સૂર્યોદય પેટ્રોલપંપ પાસે રોડનું કામ ચાલી રહ્યું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા અહીં ખોદકામ કરવામાં આવ્યું હતું, ગઈ રાત્રે અમરેલીથી સાવરકુંડલા આવી રહેલા રામજીભાઈ પાથરની બાઈક આ ખાડામાં પડી ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ થતાં તેમને તાત્કાલિક ૧૦૮ દ્વારા સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના કાકા વલ્લભભાઈ પાથરે જણાવ્યું હતું કે રામજીભાઈ રાત્રે ૧૦ વાગ્યે અમરેલીથી નીકળ્યા હતા અને રોડ પર કોઈ સલામતી વ્યવસ્થા ન હોવાના કારણે આ અકસ્માત થયો છે. આ ઘટનાથી વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે સરકાર પાસે રોડ કામગીરી દરમિયાન યોગ્ય સલામતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.

# અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તાલીમનો પ્રારંભ

અમરેલી,તા.૧૬



અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૬ મે થી ૨૦ મે સુધી પ્રાકૃતિક કૃષિની તાલીમનું આયોજન ડો. મીનાક્ષી બારિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકના આ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતા "નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ" અંતર્ગત આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી સાથે જોડાય એ માટે તેમને પ્રોત્સાહિત કરવા "૪૬ કમ્યુનિટી રિસોર્સ પર્સન (સી.આર.પી.)ને આ તાલીમ આપવામાં આવશે. જે ભવિષ્યમાં તેમના આસપાસના ગામોમાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો ડો. વી.એસ. પરમાર અને એન.એમ. કાછડિયા દ્વારા (માસ્ટર ટ્રેનર-પ્રાકૃતિક ખેતી) આ તાલીમ માટેના વિવિધ વિષયો પર ખેડૂતને માર્ગદર્શન અને વિવિધ પદ્ધતિઓથી અર્ક બનાવવાની તાલીમ આપશે. આ તકે પ્રોજેકટ ડાયરેક્ટર આત્મા, અમરેલી એમ. જેડ. જીડ, નાયબ પશુપાલન નિયામક એસ.બી. કુનડીયા, નાયબ બાગાયત નિયામક એ. એમ. કરમુર પણ હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સરોજબેન પ્રમોદભાઈ વ્યાસ (ઉ.વ.૭૮) તે યશપાલભાઈ પ્રમોદભાઈ વ્યાસના માતાનું તા.૧૫/૫/૨૫ ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૭/૫/૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને નંદનવન પંડ્યા શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

વૈદ્ય અશોકભાઈ શામજીભાઈ તળાવીયા (ઉ.વ.૭૮) તે કૃપાલભાઈ અશોકભાઈ તળાવીયા, યોગેશભાઈ અશોકભાઈ તળાવીયાના પિતાશ્રીનું તા.૧૬/૫/૨૫ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૭/૫/૨૫ને શનિવારના રોજ સવારે ૭થી ૧૨ કલાકે યોગીકૃપા પરિમલ સોસાયટી, નેસડી રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# માવજીંજવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી

બગસરા, તા.૧૬

માવજીંજવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. બલદાનીયાના માર્ગદર્શન હેઠળ વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણીના ભાગરૂપે જનજાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગ્રામજનોને ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. મચ્છરોના ઈંડાંનો નાશ કરવા ખાડા-ખાબોચિયાં માટીથી ભરી દેવા, મચ્છરદાનીનો ઉપયોગ કરવો અને પાણી ભરેલા વાસણો ઢાંકી દેવા જેવી બાબતો શીખવવામાં આવી હતી. આ ઉપરાંત ડેન્ગ્યુ તાવનાં લક્ષણો વિશે પણ માહિતી અપાઈ હતી. માવજીંજવા સુપરવાઈઝર ગૌરાંગ કુબાવતે માર્ગદર્શન આપ્યું હતું. જૂના વાઘણીયાના કર્મચારી CHO તેજલબેન ધકાણ, MPHW દીપક સાગઠીયા અને આશા બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



તસવીર : વી.કે.સાંગાણી

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 063
સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ સ્ટુડન્ટ્સ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.
★ ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
★ સાયંસ - A & B ગૃપ - JEE-NEET-GUJCET-સરકારી સહાય Expert ક્લાસ
★ ધો.૧૦ A1-A2ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો.૧૨ A1-A2 ને ધો.૧૧–૧૨ ફી શરતી પરત
★ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ – 1997 થી કાર્યરત

## CHANGE IN NAME

I, Piyush Kamleshbhai Gediya, resident at Bagasara My old name is Piyush Kamleshkumar Gediya and My mother's old name is Kusum Kamleshkumar Gediya. Now onwards I would be known as Piyush Kamleshbhai Gediya and my mother name will be Kusumben Kamleshbhai Gadiya

Sing : Piyush Kamleshbhai Gediya

શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત
શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલય
- ટેક્નોલોજી એડેડ સ્કૂલ - સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી - કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ
ધોરણ :-૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા
દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન



એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઈ - 70430 19727

## -//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૬૬/૨૦૨૫

**અરજદાર :-** શ્રી વસંતભાઈ શાંતીલાલ સેંજલીયા
રહે. શંભુપરા તા.જી.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. શંભુપરા, તા.જિ.અમરેલી.


**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શંભુપરા ગામમાં અરજદારશ્રી વસંતભાઈ શાંતીલાલ સેંજલીયા તેઓના પુત્રી શિલ્પાબેન વસંતભાઈ સેંજલીયા ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૩)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય




વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# રાજુલામાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરવા વાહનોને લીલીઝંડી અપાઈ

**વાહનો ફાળવવા બદલ ધારાસભ્ય હીરા સોલંકીએ રાજય સરકારનો આભાર માન્યો**



અમરેલી,તા.૧૬

રાજુલા શહેરમાં સ્વચ્છતા અભિયાનને નવી દિશા મળી છે. રાજ્ય સરકારે શહેરની કચરાની સમસ્યાને ધ્યાનમાં લઈને ખાનગી એજન્સીને ઘરે-ઘરેથી કચરો એકત્ર કરવાનો ૧૨ માસનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ નગરપાલિકાના સભ્યોની ઉપસ્થિતિમાં ૭ કચરા એકત્રીકરણ વાહનોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ વાહનો શહેરના દરેક વોર્ડ અને ગલીઓમાં ફરીને કચરો એકત્ર કરશે. હીરાભાઈ સોલંકીએ કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર માનતા જણાવ્યું હતું કે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં કચરા એકત્રીકરણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. નાના વિસ્તાર માટે ૭ વાહનો ફાળવવામાં આવ્યા છે, જેનાથી રોગચાળાને નિયંત્રિત કરી શકાશે અને પર્યાવરણને થતું નુકસાન પણ અટકાવી શકાશે.

**કુલ ૭૯,૯૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત**

# બાબરાના અમરાપરા ગામેથી સાત મહિલાઓ જુગાર રમતાં ઝડપાઈ

અમરેલી, તા.૧૬

ભીમ અગિયારસ નજીક આવવાની સાથે અમરેલી જિલ્લામાં જુગારની મોસમ પણ ખિલી રહી છે. જિલ્લામાં ચાર સ્થળેથી સાત મહિલા સહિત ૧૯ જુગારી ઝડપાયા હતા. બાબરાના અમરાપરા ગામેથી સાત મહિલાઓ જાહેરમાં જુગાર રમતાં રોકડા ૧૫,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ હતી. ચલાલામાંથી રઘુવીરભાઈ રામકુભાઈ માંજરીયા, મનુભાઈ કાથડભાઈ ધાધલ, પ્રદિપભાઈ વાસુરભાઈ માલા, મનસુખભાઈ પુંજાભાઈ મુછડીયા, દિગંતભાઈ ચંદુભાઈ રાજયગુરૂ, કનુભાઈ રામભાઈ વાળા તથા અશરફભાઈ ગીગાભાઈ કાલીયા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપતી રોન નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ.૨૬,૫૩૦ સાથે પકડાયા હતા. સાવરકુંડલામાં ખાટકીવાડ પાસેથી હરસુરભાઈ લખુભાઈ ભાંભળા, રજાકભાઈ સુલેમાનભાઈ શેખ, વસીમ ઈબ્રાહીમભાઈ કાલવા રોકડા રૂ.૧૮,૭૦૦ તથા ૨ મોબાઈલ મળી કુલ કિં.રૂ.૩૦,૭૦૦ ના મુદ્દામાલ સાથે પકડાયા હતા, જ્યારે ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હતા. લીલીયાના ગુંદરણ ગામેથી લાલજીભાઈ છનાભાઈ પરમાર, ભરતભાઈ ઉર્ફે ભોળાભાઈ ખીમજીભાઈ રાઠોડ તથા મયુરભાઈ બાબુભાઈ જેબલીયા જાહેર શેરીમાં સ્ટ્રીટલાઈટના અજવાળે હાર જીતનો જુગાર રમી રમતા રોકડા રૂા.૬૮૮૦ સાથે પકડાયા હતા. પોલીસે ચારેય સ્થળેથી મળી રૂ. ૭૯,૯૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# રાજુલા સિવિલના રેસ્ટ રૂમમાંથી મોબાઈલ, પાકીટની થઈ ચોરી

**પર્સમાં મહત્વના ડોક્યુમેન્ટ હતા**

રાજુલા, તા.૧૬

રાજુલામાં સિવિલ હોસ્પિટલના રેસ્ટ રૂમમાં એક વ્યક્તિ ઉંઘતો હતો ત્યારે ચોરીછુપીથી આવેલો વ્યક્તિ મોબાઈલ અને પાકીટની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. મનિષભાઈ રસીકભાઈ બારૈયા (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, તેઓ રાજુલા સિવિલ હોસ્પિટલના રેસ્ટ રૂમમાં સુતા હતા ત્યારે છુપી રીતે પ્રવેશેલો વ્યક્તિ તેમનો મોબાઈલ ફોન અને પાકીટ ચોરીને ફરાર થઈ ગયો હતો. પાકીટમાં જરૂરી ડોક્યુમેન્ટ હતા. કુલ ૧૭,૮૯૯ રૂપિયાની ચોરી કરી ઈસમ ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

**ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા**

# અમરેલી જિલ્લામાં એક મહિના સુધી વિશ્વ હાયપરટેન્શન દિનની ઉજવણી કરાશે

અમરેલી,તા.૧૬

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ એનસીડી (NCD) વિભાગ દ્વારા હાયપરટેન્શન(બીપી) વિશે લોકોમાં જાગૃતિ લાવવા અને આ સાયલન્ટ કિલરને નિયંત્રિત કરવા તેમજ નિવારણ માટેના પગલાઓને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૧૭ મે ના રોજ "વિશ્વ હાયપરટેન્શન દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પણ ૧૭ મેના રોજ આ દિવસની ઉજવણી કરાશે પરંતુ તેની ૧૬ જૂન સુધી એક મહિનાની ઉજવણી કરાશે.

આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર. એમ. જોશીના માર્ગદર્શન હેઠળ લોક જાગૃતિના જુદા જુદા માધ્યમો દ્વારા હાયપરટેન્શન વિશે લોકજાગૃતિના પ્રયત્નો હાથ ધરાશે. આ ઝુંબેશમાં આરોગ્ય કર્મચારીઓ, શાળા, જનપ્રતિનિધિઓ, સ્થાનિક મીડિયાની ભાગીદારી નિર્ણાયક રહેશે.

# રાજુલા પોલીસને બિભત્સ શબ્દો બોલી વીડિયો વાયરલ કરનારા સામે લાલ આંખ

**પીયાવા, કડીયાળી ગામના ઈસમ સામે કાર્યવાહી**

રાજુલા, તા.૧૬

રાજુલા પોલીસને બિભત્સ શબ્દો બોલી વીડિયો વાયરલ કરનારા ઈસમ સામે લાલ આંખ કરવામાં આવી હતી. સાવરકુંડલાના પીયાવા ગામના સુરેશ ગોહીલ અને કડીયાળી ગામના સંજય ધનજીભાઈ ખસીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે વીડિયો બનાવી પોલીસ તંત્રની લોકોમાં છાપ ખરડાય તેવી રીતે રાજુલા પોલીસ વિરુદ્ધ બિભત્સ શબ્દોમાં જેમ ફાવે તેમ ગાળો બોલી હતી. તેમજ આ વીડિયો વાયરલ કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના કોટડા ગામે ખેતરના શેઢે ખોડેલો હદ માપણીનો થાંભલો કાઢી નાખીને ધમકી આપી

**કૂવાની માલિકી બાબતે શંકા વહેમ હતો**

ખાંભા, તા.૧૬

ખાંભાના કોટડા ગામે ખેતરના શેઢે ખોડેલો હદ માપણીનો થાંભલો કાઢી નાખીને ધમકી આપવામાં આવી હતી. કૂવાની માલિકી બાબતે શંકા વહેમ હોવાથી આમ કર્યું હતું. બનાવ અંગે મધુભાઈ ઘુસાભાઈ વાળા (ઉ.વ.૫૪)એ અનકભાઈ જોરૂભાઈ વાળા, પ્રતાપભાઈ જોરૂભાઈ વાળા, પથુભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની જમીનના શેઢે પથુભાઈ ધાખડાની જમીન આવેલી હતી. તેમને તથા પથુભાઈને કૂવાની માલિકી બાબતે શંકા વહેમ હોવાથી જમીનની માપણી કરાવી હતી. જેમાં કૂવો તેમની માલિકીમાં આવતો હતો તેમ છતાં આરોપીઓએ દાદાગીરીથી તેમના કૂવામાં મોટર ઉતારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કૂવો તેમની માલિકીમાં આવ્યો હતો તે વાતનું મનદુઃખ રાખી અનકભાઈ વાળાએ તેનું ટ્રેક્ટર લઈ તેના ખેતરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તેના ખેતરના શેઢે હદ માપણીનો ખોડેલ થાંભલો ટ્રેક્ટર વડે કાઢી નાખી નુકસાન કર્યું હતું તેમજ તેના ભાઈ નાથાભાઈ ઘુસાભાઈ વાળાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# માયાપાદર ગામ પાસે અકસ્માતમાં અમરાપુરનું દંપતી ખંડિત થયું

**ટક્કર મારી કાર ચાલક ફરાર થઈ ગયો**

વડીયા, તા.૧૬

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સિલસિલો યથાવત્ છે. વડીયાના રોહીતભાઈ જાદવભાઈ ઢોલરીયા (ઉ.વ.૪૩) એ જાહેર કર્યા મુજબ, તેમના કાકા, પિતા અને માતા બાબાપુર ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા. તેમના પિતા બાઈક ચલાવી આવતા હતા આ દરમિયાન લુણીધાર રેલવે ફાટકથી માયાપાદર ગામ પાસે વળાંક વાળા રોડ પર પહોંચતા કોઈ અજાણ્યા ફોર વ્હીલ ચાલકે આવી તેમના પિતાને ટક્કર મારી હતી. જેમાં તેમના પિતાનું મોત થયું હતું તથા માતાને શરીરે નાની મોટી તથા ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના જીરા ગામે પત્નીએ પતિને 'આવી હાલતમાં શું કામ આવો છો' કહેતા ફટકારી

**પરિણીતાએ ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૧૬

ધારીના જીરા ગામે પત્નીએ પતિને આવી હાલતમાં શું કામ આવો છો કહેતા પતિને સારું નહોતું લાગ્યું અને ફટકારી હતી. બનાવ સંદર્ભે શોભનાબેન વલકુભાઈ ચારોલા (ઉ.વ.૩૫)એ વલકુભાઈ સવજીભાઈ ચારોલા, વિઠ્ઠલભાઈ સવજીભાઈ ચારોલા, રસીકભાઈ સવજીભાઈ ચારોલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ અશ્વિનભાઈ તથા મયુરીબેન પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન તેમના પતિ વલકુભાઈ ચારોલા નશો કરેલી હાલતમાં પોતાના ઘરે આવ્યા હતા. જેથી તેમણે આવી હાલતમાં શું કામ આવો છો તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને ખરાબ ગાળો દેવા લાગ્યા હતા. આ દરમિયાન આરોપી વિઠ્ઠલભાઈ ચારોલા ત્યાં આવ્યા હતા અને તેના હાથમાં એક લોખંડની પાઈપ હતી તેનો એક ઘા જમણા હાથે મારી દઈ ફેક્ચર કર્યું હતું. આ સમયે સાહેદો અશ્વિનભાઈ તથા તેમના દીકરાની વહુ મયુરીબેન વચ્ચે પડતા પાઈપનો એક ઘા મયુરીબેનને પગમાં માર્યો હતો. તે ઉપરાંત ગાળો બોલી વલકુને કાંઈ પણ કિધુ છે તો તમારા ત્રણેયનો વારો પાડી દેવો છે તેમ કહી ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૧૭-૦૫-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૯,
સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

### દૈનિક રાશિફળ

તા.૧૭-૦૫-૨૦૨૫ શનિવાર

- મેષ: આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્રોત પણ મળી શકે છે.
- વૃષભ: આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે.
- મિથુન: આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે.
- કર્ક: તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે.
- સિંહ: આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.
- કન્યા: કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો.
- તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો.
- વૃશ્ચિક: આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો.
- ધન: આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે.
- મકર: આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.
- કુંભ: આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.
- મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

# 'તારે તારા ગામની છોકરી સાથે સંબંધ હોવાથી તું આ સગાઈ થવા દેતો નથી' કહી ધમકી આપી

**કડીયાળી ગામના બે લોકો સામે ફરિયાદ**

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદના લોઠપુર ગામે રહેતા એક યુવકને તું આ સગાઈ થવા દેતો નથી તેમ કહી કડીયાળી ગામના બે યુવકોએ ગાળો બોલી ધમકી આપી હતી. તેમજ વીડિયો બનાવ્યો હતો. આ અંગે મોઈનભાઈ રસુલભાઈ ઉનડ (ઉ.વ.૨૨)એ સુનીલભાઈ ખસીયા તથા સૂર્યાભાઈ ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સુનીલભાઈ ખસીયાએ તેના ફોનમાં ફોન કરીને કહ્યું કે 'હું કડીયાળી ગામનો સુનિલ ખસીયા બોલું છું. તારે તારા ગામની છોકરી સાથે સંબંધ છે તેની સાથે મારે સગાઈ કરવાની છે અને તું આ સગાઈ થવા દેતો નથી' તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી ધમકાવ્યો હતો. તેમના ઈન્ટાગ્રામ આઈ.ડીમાં વીડિયો બનાવી અભદ્ર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. આર. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના લીખાળા ગામના વકીલને મહિલાએ ધમકી આપી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના લીખાળા ગામે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા અમીનભાઈ ભીખુભાઈ સુમરા (ઉ.વ.૩૦)એ વડોદરાના તાંદલજા ખાતે રહેતા રસીદાબેન સાદીકભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી રસીદાબેનના તેના પતિ સાદીકભાઈ સાથે ડિવોર્સ થાય તેમ હોય તે બાબતે તેઓ તેને ચડામણી કરતો હોય તેવું લાગતું હતું. આ બાબતનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. અમરેલીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના નડાળા ગામે ટોપલીન અને ટ્રેક્ટરની પેટી વચ્ચે હાઈડ્રોલીકના દબાણથી યુવકનું મોત

**અકસ્માત અંગે બાબરાના હેડ કોન્સ્ટેબલે તપાસ શરૂ કરી**

બાબરા, તા.૧૬

બાબરાના નડાળા ગામે ટોપલીન અને ટ્રેક્ટરની પેટી વચ્ચે હાઈડ્રોલીકના દબાણથી દબાઈ જતા યુવકનું મોત થયું હતું. બનાવ અંગે રાજકોટના જસદણ તાલુકાના દેવપરા ગામના વનરાજભાઈ ધીરુભાઈ જતાપરા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, વૈકુઠ ઉર્ફે કાળુભાઈ ધીરુભાઈ જતાપરા (ઉ.વ.૩૨) ટ્રેક્ટરની હાઈડ્રોલીક એકદમ ઉભી થઈ જતા મરણજનાર ટોપલીન અને ટ્રેક્ટરની પેટી વચ્ચે હાઈડ્રોલીકના દબાણથી દબાઈ જતા મરણ પામ્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિતલમાં પુરુષને અહીંથી નીકળતો નહી કહી ઝપાઝપી કરી

ચિતલ, તા.૧૬

ચિતલમાં રહેતા હરેશભાઈ પરશોતમભાઈ પંડયા (ઉ.વ.૫૨) એ સત્યદીપ પદુભાઈ સરવૈયા તથા પૃથ્વીસિંહ વનરાજસિંહ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું એક્ટિવા લઈને કારખાને જતા હતા. રસ્તામાં આરોપીએ તેમને રોકીને અહીંથી નીકળતો નહીં કહી જેમ ફાવે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી હતી. તેમજ મુંઢમાર મારીને શર્ટના બટન તોડી નાખ્યા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.


॥ सा विद्या या विमुक्तये ॥
(અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે)
**સંસ્કાર વિદ્યાધામ-બાંભણીયા**
**આદર્શ આશ્રમશાળા** (ધોરણ ૧ થી ૮ છાત્રાલય સંલગ્ન વિનામૂલ્યે)
**ઉત્તર બુનીયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા** (સેલ્ફ ફાયનાન્સ) ધો. ૯ થી ૧૨ છાત્રાલય સંલગ્ન વિનામૂલ્યે
**જુન-૨૦૨૫ થી પ્રવેશકાર્ય ચાલુ છે.**
- ઉપરોક્ત શાળામાં ધો. ૧ થી ૮ માં વિનામૂલ્યે પ્રવેશકાર્ય ચાલુ છે.
- ધો. ૯ થી ૧૦ માં સેલ્ફ ફાયનાન્સ શાળામાં કુમાર-કન્યા માટે પ્રવેશ કાર્ય ચાલુ છે.
- ધો. ૧૧ અને ૧૨ માં સેલ્ફ ફાયનાન્સ શાળામાં પ્રવેશ કાર્ય ચાલુ છે.
- ધો. ૯ થી ૧૨ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને છાત્રાલયમાં રહેવા જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવામાં આવે છે.
- પ્રવેશ મેળવવા ઉત્સુક વિદ્યાર્થીઓ તથા વાલીઓએ નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
- અભ્યાસની સાથે સાથે બાળકોનું ઘડતર તથા સર્વાંગી વિકાસ થાય તેવી પ્રવૃતિ સાથે ચાલતી શાળા છે.
- વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને રહેવા-જમવા સાથેની હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે. બાળકોની દેખરેખ માટે સંસ્થાના સંચાલક શિક્ષક તમામ સ્ટાફ સ્થાનીક રહે છે.

પ્રવેશ લેવા ઈચ્છતા વાલીઓ-વિદ્યાર્થીઓ તુરત વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવાનું જણાવવામાં આવે છે.

ધો. ૧ થી ૧૨ હોસ્ટેલમાં રહેવા-જમવાની ફી લેવામાં આવતી નથી. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશકાર્ય શરૂ છે.

**સંસ્કાર વિદ્યાધામ-બાંભણીયા**
મુ. બાંભણીયા, તા. કુંકાવાવ, જિ. અમરેલી.
મો. ૯૧૦૬૬ ૭૬૧૧૮ / ૯૭૩૭૮ ૪૨૬૮૧ / ૬૩૫૩૫ ૦૨૧૮૦ / ૯૭૨૬૦ ૪૧૨૨૦

**તંત્રી લેખ**

# અમેરિકાની ના હોવા છતાં એપલનો પ્રોજેક્ટ ભારતમાં આવશે

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની નીતિ અમેરિકા ફર્સ્ટની છે. તેમણે એપલના આઈફોનનો ૫૦૦ અબજનો પ્રોજેક્ટ ભારતમાં નહીં પણ અમેરિકામાં આવે તે માટે આગ્રહ કર્યો છે. આમ તે પોતાના દેશના જ વ્યાપારી હિતોને ધ્યાનમાં રાખીને પગલાં લે છે. વિશ્વમાં પોતાનું મહત્વ વધે તે માટે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવા માટે અતિ મહત્વનું કામ કર્યું છે. આના કારણે વિશ્વભરમાં અમેરિકાની વાહ વાહ થઈ ગઈ પરંતુ ભારતે ચોખવટ કરી કે ઓપરેશન સિંદુર પૂરું થયું નથી ચાલુ છે અને અમે ગોળીનો જવાબ ગોળાથી આપશું. આ નિવેદન બાદ અમેરિકાના પ્રમુખને પોતાના નિવેદનમાંથી પાછીપાની કરવી પડી હતી. આ ઉપરાંત તેણે એવી પણ વાત કરી કે ભારતે અમેરિકા પર આયાત કરતી તમામ વસ્તુ પર ટેરિફ નહીં લેવાની ઓફર કરી. આ બાબતમાં ભારતે સ્પષ્ટતા કરી છે. આ પહેલા અમેરિકી પ્રમુખે ભારતને ટેરિફ કિંગ તરીકે ગણાવીને વિવાદ ઉભો કર્યો હતો. અમેરિકા પોતાના વ્યાપારિક હિતોને હંમેશા અગ્રતા આપે છે. અમેરિકન પ્રમુખે આગળ કહ્યું કે હું નથી ઈચ્છતો કે એપલ ભારતમાં આઈફોન બનાવે. આમ છતાં જો કે એપલ તેનું મિશન ચાલુ રાખશે. ભારતમાં તેનું મોટું યુનિટ કાર્યરત કરશે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેમણે એપલના સીઈઓ ટિમ કૂક સાથે વાત કરીને તેમને ભારતમાં એપલ પ્રોડક્ટનો વિસ્તાર ન કરવા કહ્યું છે. બ્લૂમબર્ગના અહેવાલમાં આવો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ ટ્રમ્પે દોહા ખાતે એક કાર્યક્રમમાં ટિમ કૂકને કહ્યું કે તમે ભારતમાં ઉત્પાદન કરો તેમાં અમને રસ નથી. ભારત પોતાનું ધ્યાન જાતે રાખી શકે તેમ છે. તેઓ ખૂબ સારી પ્રગતિ સાધી રહ્યા છે. તમે ૫૦૦ અબજ ડોલરના ખર્ચે ભારતમાં એપલનું ઉત્પાદન કરવાની ઈચ્છા ધરાવો છો અને આ બાબતની કાર્યવાહી તમે પૂરી પણ કરી છે પરંતુ ધ્યાન રાખજો ભારતમાં આ યુનિટ તમે નાખશો તો એમાં તમને મુશ્કેલી પડી શકે છે કારણ કે વિશ્વની અંદર સૌથી વધુ ટેરીફ વસુલતા દેશમાં ભારત અગ્રસ્થાને આવે છે. આથી ભારતમાં એપલના પ્લાન્ટનો વિચાર માંડી વાળો અને અમેરિકામાં તે પ્લાન્ટ કાર્યરત કરો તો અમેરિકામાં રોજગારી મળશે અર્થતંત્ર વધુ મજબૂત બનશે, અમેરિકાની પ્રગતિ થશે. બાકી તમે ભારતમાં એપલનું ઉત્પાદન કરવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે સાવધાન થવાની જરૂર છે. જો તમે ભારતનો વિચાર કરવા માંગતા હોવ તો તમે ભારતમાં ઉત્પાદન કરી શકો છો પરંતુ ભારત સૌથી ઊંચા ટેરિક દર ધરાવતા દેશો પૈકીનો એક દેશ છે તેથી ભારતમાં વેચાણ કરવું ખૂબ મુશ્કેલ છે.'' એપલ ભારતમાં ઉત્પાદન હબ ઊભું કરવાની યોજના ધરાવે છે. અમેરિકી પ્રમુખે નિવેદન આપ્યા પછી ભારતના અધિકારીઓએ એપલના સીઈઓ ટિમ કૂક સાથે વાતચીત કરી હતી. તેમણે ભારતના અધિકારીઓને ખાતરી આપી હતી કે કંપનીની યોજના યથાવત્ છે. ટ્રમ્પની આ ટિપ્પણીથી ભારતીય રોકાણકારો અને લોકો નિરાશ છે. પ્રવાસે પહોંચેલા ટ્રમ્પે કતારની રાજપાની દોહાની દક્ષિણ-પશ્ચિમે આવેલા અલ-ઉદીદ એર બેઝ ખાતે અમેરિકી દળોને સંબોધતા કહ્યું હતું કે, 'હું એમ નહીં કહું કે (ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ) મેં કરાવ્યો પણ મેં મદદ ચોક્કસ કરી હતી.'' અલ-ઉદીદ એર બેઝ મધ્ય-પૂર્વમાં સૌથી મોટી અમેરિકી મિલિટ્રી ફેસિલિટી છે. ટ્રમ્પે અહીંથી એમ પણ જણાવ્યું કે બે પડોશી દેશો વચ્ચે યુદ્ધવિરામ થઈ ગયો છે અને તેઓ તેનાથી ખુશ છે. ટ્રમ્પે જશ ખાટી લેવા માટે ૧૦મીએ ઉતાવળથી પોસ્ટ મૂકી હતી. ટ્રમ્પે ૧૦ મેના રોજ સોશિયલ પર એક પોસ્ટમાં યુદ્ધવિરામ વિશે જણાવ્યું હતું.

# પરમ શ્રદ્ધા અને ભક્તિનું પવિત્ર ધામ: ભુવનેશ્વરી શક્તિપીઠ ગોંડલ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સૌરાષ્ટ્રની ભૂમિમાં અનેક પાવન તીર્થસ્થાનો આવેલા છે, જે પોતાની આગવી ઓળખ અને મહિમા ધરાવે છે. આવું જ એક મહત્વનું અને શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર એટલે ગોંડલ ખાતે આવેલું ભુવનેશ્વરી માતાનું મંદિર. આ મંદિર માત્ર એક પૂજાસ્થળ નથી, પરંતુ તે ઈતિહાસ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ છે. ગોંડલ શહેરમાં પ્રવેશતા જ ભુવનેશ્વરી માતાના મંદિરની ભવ્યતા અને શાંતિનો અનુભવ થાય છે. મંદિરનું સ્થાપત્ય જૂની અને નવી શૈલીનું સુંદર મિશ્રણ છે. વિશાળ પટાંગણ, કલાત્મક કોતરણીવાળા સ્તંભો અને રંગબેરંગી ધ્વજાઓ મંદિરની પવિત્રતામાં વધારો કરે છે. મુખ્ય મંદિરમાં ભુવનેશ્વરી માતાની મૂર્તિ સ્થાપિત છે, જે સૌમ્ય અને તેજોમય છે. માતાના દર્શન માત્રથી જ ભક્તોને એક અલૌકિક શાંતિ અને શક્તિનો અનુભવ થાય છે.

ભુવનેશ્વરી માતાના મંદિરનો ઈતિહાસ ઘણો જૂનો માનવામાં આવે છે. સ્થાનિક લોકો અને વડીલોના જણાવ્યા અનુસાર, આ સ્થળ પર વર્ષો પહેલાં એક નાની દેરી હતી. સમય જતાં, ગોંડલના શાસકો અને ભક્તજનોના સહયોગથી આ મંદિરનો વિકાસ થયો અને આજે તે એક ભવ્ય સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. મંદિર સાથે ઘણી લોકવાયકાઓ અને ચમત્કારની વાતો જોડાયેલી છે, જે અહીં આવતા શ્રદ્ધાળુઓની આસ્થાને વધુ મજબૂત કરે છે. આ મંદિર માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ મહત્વનું નથી, પરંતુ તે સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર છે. અહીં સમયાંતરે ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને અન્ય સાંસ્કૃતિક આયોજનો થતા રહે છે, જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લે છે. ખાસ કરીને નવરાત્રીના દિવસોમાં અહીં ભક્તોનો ભારે ધસારો જોવા મળે છે. માતાજીના ગરબા અને વિવિધ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવે છે, જે વાતાવરણને ભક્તિમય બનાવે છે.

ભુવનેશ્વરી માતાના મંદિરની આસપાસ શાંત અને રમણીય વાતાવરણ છે. મંદિરના પટાંગણમાં વિશાળ વૃક્ષો અને એક નાનું તળાવ આવેલું છે, જે મુલાકાતીઓને શાંતિ અને આરામનો અનુભવ કરાવે છે. અહીં બેસીને ધ્યાન કરવું અથવા થોડો સમય પસાર કરવો એ એક અનોખો અનુભવ છે. ગોંડલ અને આસપાસના લોકો માટે ભુવનેશ્વરી માતાનું મંદિર માત્ર એક પૂજાસ્થળ નથી, પરંતુ તે તેમના જીવનનો એક અભિન્ન ભાગ છે. સુખ હોય કે દુઃખ, લોકો માતાના ચરણોમાં શીશ નમાવવા અને આશીર્વાદ મેળવવા માટે અહીં આવે છે. માતા ભુવનેશ્વરી સૌની મનોકામના પૂર્ણ કરે છે અને પોતાના ભક્તો પર હંમેશા કૃપા વરસાવે છે તેવી લોકોને અતૂટ શ્રદ્ધા છે. આમ, ગોંડલનું ભુવનેશ્વરી માતાનું મંદિર એક એવું પવિત્ર ધામ છે જે શક્તિ,



ભક્તિ અને શાંતિનો અનુભવ કરાવે છે. જે કોઈ પણ વ્યક્તિ આ સ્થળની મુલાકાત લે છે, તે એક નવી ઉર્જા અને આત્મિક શાંતિ સાથે પરત ફરે છે. આ મંદિર ખરેખર સૌરાષ્ટ્રની ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહર છે. શક્તિપીઠો હિંદુ ધર્મમાં ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. દેવી સતીના શરીરના અંગો જુદી જુદી જગ્યાએ પડ્યા હોવાથી આ શક્તિપીઠોની રચના થઈ છે. એવું માનવામાં આવે છે કે જ્યાં માતા સતીના શરીરના અંગો પડ્યા હતા તે સ્થળો અત્યંત પવિત્ર અને શક્તિશાળી બની ગયા છે. શક્તિપીઠોનું મહત્વ નીચે મુજબ છે: શક્તિપીઠો દેવી ભક્તો માટે અત્યંત પવિત્ર તીર્થસ્થાનો ગણાય છે. અહીં દેવીની શક્તિનો અનુભવ થાય છે અને તેથી જ લાખો શ્રદ્ધાળુઓ આ સ્થળોની યાત્રાએ આવે છે. દરેક શક્તિપીઠ પર દેવીના અલગ સ્વરૂપ અને ભૈરવની પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થળો પર દેવી સાક્ષાત બિરાજમાન છે અને ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. શક્તિપીઠોની રચના પાછળ એક પૌરાણિક કથા જોડાયેલી છે. માતા સતીએ પોતાના પિતા દક્ષના યજ્ઞમાં પોતાના પતિ શિવનું અપમાન થતું જોઈને યજ્ઞકુંડમાં આત્મદાહ કર્યો હતો. ભગવાન શિવ સતીના મૃત શરીરને લઈને દુઃખી થઈને ફરતા હતા, ત્યારે વિષ્ણુ ભગવાને પોતાના સુદર્શન ચક્રથી સતીના શરીરના ટુકડા કરી નાખ્યા. સતીના શરીરના જે ભાગો જ્યાં પડ્યા તે સ્થળો શક્તિપીઠ તરીકે ઓળખાય છે. આ કથા શક્તિપીઠોના મહત્વને વધારે છે.

શક્તિપીઠો આધ્યાત્મિક સાધના માટે પણ મહત્વના સ્થળો છે. અહીં ધ્યાન અને પૂજા કરવાથી વિશેષ લાભ મળે છે અને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. શક્તિપીઠો ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો એક અભિન્ન ભાગ છે. આ સ્થળો પર વર્ષભર વિવિધ તહેવારો અને ઉત્સવો ઉજવવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લે છે.


શક્તિપીઠોને શક્તિ અને ઉર્જાના કેન્દ્ર માનવામાં આવે છે. એવું કહેવાય છે કે અહીં આવવાથી વ્યક્તિને નવી ઉર્જા અને પ્રેરણા મળે છે. સામાન્ય રીતે ૫૧ શક્તિપીઠો ગણવામાં આવે છે, જે ભારતમાં અને ભારતીય ઉપખંડના અન્ય ભાગોમાં આવેલ છે. દરેક શક્તિપીઠનું પોતાનું આગવું મહત્વ અને મહિમા છે. ઉદાહરણ તરીકે, ગુજરાતમાં આવેલ અંબાજી શક્તિપીઠ ખૂબ જ પ્રખ્યાત છે, જ્યાં માતાજીનું હૃદય પડ્યું હોવાનું મનાય છે.

ભુવનેશ્વરી માતાની શક્તિપીઠ ગોંડલ, ગુજરાતમાં આવેલ એક પ્રખ્યાત ધાર્મિક સ્થાન છે. ભક્તો માટે આ સ્થાન માતાજીની ભક્તિ, આરાધના અને માનસિક શાંતિ માટે મહત્વ ધરાવે છે. અહીં માતા ભુવનેશ્વરીના દર્શન માટે દરરોજ તેમજ વિશેષ દિવસો પર હજારો ભક્તો આવે છે, ખાસ કરીને નવરાત્રીમાં અહીં વિશેષ ઉત્સવ ઉજવવામાં આવે છે.

માતા ભુવનેશ્વરી એ અધ્યાત્મ અને શક્તિનું પ્રતિક માનવામાં આવે છે. આ સ્થાન તપ, સાધના અને શક્તિ ઉપાસનાનું કેન્દ્ર છે. મંદિરની સ્થાપત્ય શૈલી અત્યંત સુંદર અને આધ્યાત્મિક ઊર્જાથી ભરેલી છે. માતા ભુવનેશ્વરીને અધ્યાત્મ અને શક્તિનું પ્રતિક માનવામાં આવે છે. આ સ્થાન તપ, સાધના અને શક્તિ ઉપાસનાનું કેન્દ્ર છે. મંદિરની સ્થાપત્ય શૈલી અત્યંત સુંદર અને આધ્યાત્મિક ઊર્જાથી ભરેલી છે. ભુવનેશ્વરી માતાની શક્તિપીઠ ગોંડલ, ગુજરાતના રાજકોટ જિલ્લાના ગોંડલ શહેરમાં આવેલ એક પ્રખ્યાત દેવીમંદિર છે.

આ મંદિર ભક્તિ અને શક્તિનું પ્રતીક છે અને ભુવનેશ્વરી માતાની ઉપાસના માટે વિશેષ મહત્વ ધરાવે છે. ભુવનેશ્વરી માતા શક્તિના ચોથા રૂપ તરીકે પૂજાય છે. ગોંડલના નવનાથ સાધુઓ અને સંતો દ્વારા પણ આ સ્થાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. અહીં વર્ષ દરમિયાન વિશેષ માળા પૂજા, નવરાત્રી ઉત્સવ અને યજ્ઞો યોજાય છે. મંદિરનું શાંતિમય અને આધ્યાત્મિક વાતાવરણ ભક્તોને આકર્ષે છે. આ સ્થાનને શક્તિપીઠ તરીકે માનવામાં આવે છે કારણ કે માન્યતા મુજબ અહીં દેવીના અંગોમાંથી કોઈ અંગ પડ્યું હતું, જે શક્તિપીઠ બની ગયું.

## શબ્દ સંજોગ-૨૦૦૨



**આડી ચાવી :**
(૧) લાકડાની થાળી (૩)
(૩) મીણબત્તી (૨)
(૫) એક જાતની પીળી માટી (૨)
(૬) ગાય (૨)
(૮) દાણોપાણી - અન્નજળ (૩)
(૯) ભેંસનું માદા બચ્ચું (૨)
(૧૦) એક રાગ (૩)
(૧૨) એક વાદ્ય (૨)
(૧૫) લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ (૧)
(૧૬) સોગટાં રમવાની રીત (૩)
(૧૮) પરવાનગી,સંમતિ
(૨૦) એક ખડ ધાન્ય (૨)
(૨૨) એક ઝાડના રસનો બનતો પદાર્થ (૩)
(૨૫) એક પક્ષી (૩)
(૨૬) પાવતી, પહોંચ (૩)
(૨૮) એક જાતનું ઝાડ (૪)
(૩૦) પાછળ, પાછળથી (૨)
(૩૧) નિયમ, બાણ (૨)
(૩૨) પહોર પહોરને આંતરે ઘડિયાળમાં વગાડવામાં આવે છે તે (૩)
(૩૩) એક સંખ્યા (૨)

**ઉભી ચાવી :**
(૧) મોટામાં મોટું પાપ (૫)
(૨) લઈને, તેથી (૨)
(૪) માર્ગ, રસ્તો (૩)
(૫) ચીભડું (૩)
(૭) વખાણ, સ્તુતિ (૨)
(૧૧) લાંબી હાર, પંક્તિ (૩)
(૧૩) બીબું, નમૂનો (૩)
(૧૪) ત્રણ રતી જેટલું તોલ (૨)
(૧૭) જૈન સાધુ (૨)
(૧૯) પરસ્ત્રી સાથે પ્રીતિ કરનાર (૨)
(૨૦) એક પક્ષીની માદા (૩)
(૨૧) એક વનસ્પતિ, જેના મૂળનું અથાણું બને (અવળું) (૪)
(૨૩) એક હથિયાર (૩)
(૨૪) આજ્ઞા, ઉપદેશ (૩)
(૨૫) હંમેશા (૨)
(૨૭) એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૨૯) ઉત્તમ, પતિ (૨)
(૩૦) ઉપર (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૧ જવાબ

**આડી ચાવી:** (૧) રસના (૩) પોરસ (૬) ટકોર (૭) કસમ (૮) મશક (૧૦) માળ (૧૧) શરદ (૧૩) બારી (૧૪) અટક (૧૬) ડાક (૧૭) નજર (૧૮) ખરીફ (૨૦) મોદક (૨૨) વાર (૨૩) કરેદ (દરેક) (૨૪) માવો (૨૫) મકરંદ (૨૬) નવલ.
**ઉભી ચાવી :** (૧) રસમ (૨) નાટક (૩) પોર (૪) સકળ (૫) જામગરી (૯) શકટ (૧૦) માદક (૧૨) રડાર (૧૩) બાજરી (૧૪) અજમો (૧૫) કનક (૧૮) ખર (૧૯) ફતવો (૨૧) દરેક (૨૨) વાદન (૨૩) કદ (૨૪) માલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૧ | ૧૫૬૪ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૬૪૦ | ૮૮૦ |
| જુવાર લાલ | ૮૮૦ | ૧૦૨૨ |
| જુવાર પીળી | ૩૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૦૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૧૦૪ |
| ચણા સફેદ | ૧૫૯૫ | ૨૨૦૦ |
| અડદ | ૧૨૨૨ | ૧૫૯૫ |
| મગ | ૧૪૧૧ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૪૪૮ | ૨૧૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૭૦૦ |
| રાજમા | ૬૦૦ | ૧૩૨૦ |
| સીંગદાણા | ૧૩૪૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૪૫૯ |
| તલી | ૧૧૦૦ | ૨૦૮૦ |
| સુરજમુખી | ૬૬૩ | ૬૬૩ |
| એરંડા | ૧૦૮૧ | ૧૨૧૯ |
| અજમો | ૧૨૦૦ | ૧૬૪૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૯૧ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૮૯૯ |
| લસણ | ૮૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૧૨૦ | ૧૫૭૫ |
| મરચા સુકા | ૨૦૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૮૩૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૭૦૦ |
| જીરૂ | ૩૯૨૦ | ૪૨૪૯ |
| રાય | ૧૦૩૦ | ૧૨૯૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૩૦૫ | ૧૬૨૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૯૭૫ |
| રાયડો | ૯૮૦ | ૧૧૦૦ |
| રજકાનુ બી | ૨૫૦૦ | ૩૬૦૦ |
| ગુવારનુ બી | ૯૧૨ | ૯૫૯ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૫૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૩૦૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| તરબુચ | ૧૫૦ | ૨૫૦ |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૩૦ |
| ટમેટા | ૨૫૦ | ૪૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૬૦ | ૪૦૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૪૨૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૪૫૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૩૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૬૦ | ૩૦૦ |
| તુરીયા | ૪૨૦ | ૭૧૦ |
| પરવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૬૦ | ૩૮૦ |
| ગાજર | ૨૫૦ | ૪૩૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ગલકા | ૧૪૦ | ૩૬૦ |
| બીટ | ૨૩૦ | ૪૨૦ |
| મેથી | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૮૦ |
| ગુંદા | ૨૩૦ | ૫૨૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૭૬ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૪૮૧ |
| સિંગદાણા જાડા | ૧૧૪૦ | ૧૭૩૧ |
| સિંગ ફાડીયા | ૮૮૧ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૯૦૦ | ૧૨૩૬ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૭૧ |
| જીરૂ | ૩૬૦૧ | ૪૨૩૧ |
| કલંજી | ૨૪૦૧ | ૩૮૯૧ |
| વરીયાળી | ૧૨૦૧ | ૧૨૮૧ |
| ધાણા | ૮૫૧ | ૧૬૧૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૩૨૫૧ |
| લસણ સુકુ | ૬૪૧ | ૧૩૭૧ |
| ડુંગળી લાલ | ૧૬ | ૨૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૮૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૭૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૧૧ |
| મેથી | ૫૩૧ | ૧૦૨૧ |
| સુવાદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| કાંગ | ૩૫૧ | ૬૦૧ |
| મરચા | ૨૦૧ | ૧૬૫૧ |
| મગફળી જાડી | ૭૪૧ | ૧૪૦૦ |
| સફેદ ચણા | ૧૦૬૬ | ૨૧૪૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૦૪૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૪૦ | ૧૧૬ |
| બાજરો | ૩૦૧ | ૪૯૧ |
| જુવાર | ૪૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૫૧ |
| મગ | ૧૫૦૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૬ |
| વાલ | ૫૦૧ | ૧૨૪૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૭૮૧ |
| સોયાબીન | ૫૦૧ | ૮૩૧ |
| ગોગળી | ૭૮૧ | ૧૧૦૧ |
| વટાણા | ૭૦૧ | ૧૨૦૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦ | ૫૦૦ |
| ભીંડો | ૮૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૫૮૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| કાચા કેળા | ૬૦૦ | ૮૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૭૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૬૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૪૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૭૪૫ | ૧૫૭૪ |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૮૫ |
| ગીરનાર શીંગ | ૧૦૧૪ | ૧૦૧૪ |
| શીંગ મોટી | ૮૬૧ | ૧૦૩૬ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૨૬ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૨૭૫ |
| તલ કાળા | ૨૭૯૦ | ૩૮૯૫ |
| તલ કાશ્મીરી | ૨૦૯૦ | ૨૦૯૦ |
| બાજરો | ૩૫૦ | ૫૭૦ |
| જુવાર | ૪૦૫ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૩૫ |
| મગ | ૯૩૦ | ૯૩૦ |
| ચણા | ૯૩૩ | ૧૦૭૯ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૩૦ |
| સફેદ ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| ચણા છોલે | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તુવેર | ૭૪૦ | ૧૪૨૧ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૯૪ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૮૮૦ |
| રાયડો | ૯૨૫ | ૧૦૨૦ |
| ધાણા | ૯૯૯ | ૧૩૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| અજમા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૭૫૦ | ૮૭૦ |
| સોયાબીન | ૬૮૦ | ૮૦૮ |
| કાંગ | ૫૧૦ | ૫૧૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૭૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| ટમેટા | ૩૫૦ | ૪૫૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૫૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૪૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૫ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૬૫ |
| જુવાર સફેદ | ૭૬૦ | ૭૬૦ |
| તલ કાળા | ૩૨૫૧ | ૩૨૫૧ |
| સોયાબીન | ૭૮૭ | ૭૮૭ |
| તુવેર | ૧૦૧૦ | ૧૨૪૫ |
| વાલ | ૬૦૦ | ૬૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૬૦ |
| કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૪૨૦ |
| મગફળી | ૯૫૦ | ૧૦૩૮ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૦૨૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| તલ | ૧૭૫૫ | ૧૯૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૩૫ |
| તલ કાળા | ૩૯૦૦ | ૩૯૪૦ |
| મગ | ૮૨૫ | ૧૩૩૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૬ |
| જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૭૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૬ |
| તુવેર | ૮૦૦ | ૧૩૭૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૪૬ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૭૭૬ |
| મેથી | ૫૦૦ | ૮૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૩૩૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૬ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૯૦ | ૮૯૦ |
| ઘઉં લોકવન | ૪૮૧ | ૪૮૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| સ.ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૯૦૦ | ૧૧૦૧ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૧૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૫૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૫૦૭ | ૨૦૦૬ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૬૮૮ |
| તલ પીળા | ૧૮૭૧ | ૧૮૭૧ |
| કપાસ | ૧૧૧૧ | ૧૫૦૦ |
| બાજરો | ૪૨૫ | ૪૩૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| જુવાર | ૬૦૦ | ૯૩૧ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૧ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૩ |
| ઘઉં લોકવન | ૪૧૪ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૩૪૫ | ૪૯૫ |
| ચણા | ૮૦૫ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૪૦ | ૧૦૬૫ |
| ધાણા | ૧૧૧૫ | ૧૨૦૫ |
| તલ સફેદ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૬૪૪ | ૮૦૩ |
| જુવાર | ૬૯૫ | ૬૯૫ |
| જીરૂ | ૩૪૫૫ | ૩૪૫૫ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૮૦ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૪૫ |
| શીંગ નવી | ૯૯૦ | ૧૧૮૬ |
| તલ સફેદ | ૧૮૪૫ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૩૮૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૩૨૫ |
| કપાસ | ૧૪૧૦ | ૧૫૦૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૨ |
| બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| જુવાર | ૪૫૦ | ૭૬૦ |
| મકાઈ | ૪૦૦ | ૬૨૦ |
| ચણા | ૧૦૬૩ | ૧૧૦૦ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૮૧ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૦૬ |
| એરંડી | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૧૧ | ૧૧૧૩ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૧૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૬૩૬ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૯ |
| જુવાર | ૩૦૦ | ૯૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૯૦૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૯૬૦ |
| એરંડી | ૯૭૦ | ૧૧૮૮ |
| ચણા | ૯૫૦ | ૧૦૭૬ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૧૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૩૯ |
| કાંગ | ૪૦૦ | ૪૫૭ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૮૫ | ૫૩૫ |
| બાજરો | ૨૮૦ | ૫૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૦ |
| મગ | ૧૫૨૦ | ૧૯૩૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૪૦ |
| ચોળી | ૧૭૨૦ | ૨૧૬૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૧૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૭૫ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૪૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| તલ | ૧૬૦૦ | ૧૯૫૫ |
| રાયડો | ૯૦૦ | ૧૦૯૯ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૦૮ |
| લસણ | ૪૭૫ | ૧૨૬૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૭૦ |
| અજમો | ૧૪૦૦ | ૩૭૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૫ |
| ડુંગળી | ૩૦ | ૨૪૫ |
| મરચા | ૫૦૦ | ૧૭૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૫ |
| કલોંજી | ૧૪૦૦ | ૩૯૮૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૦૫૦ | ૧૧૨૮ |
| શીંગ ૩૨ | ૯૫૭ | ૧૦૨૧ |
| શીંગ જી-૨૦ | ૯૪૦ | ૧૦૫૦ |
| એરંડા | ૨૯૦ | ૧૧૯૫ |
| જુવાર | ૨૬૯ | ૭૮૪ |
| બાજરી | ૩૦૦ | ૬૬૨ |
| મકાઈ | ૫૪૮ | ૫૪૮ |
| સોયાબીન | ૭૫૧ | ૭૬૨ |
| મગ | ૧૦૩૦ | ૧૭૫૬ |
| મેથી | ૩૨૦ | ૭૩૦ |
| ચણા | ૪૭૦ | ૧૦૭૭ |
| તલ સફેદ | ૫૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૯૦૦ | ૩૯૦૫ |
| તુવેર | ૫૦૦ | ૧૩૬૮ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૦૧ |
| ડુંગળી લાલ | ૨૫ | ૨૮૬ |
| ડુંગળી સફેદ | ૩૦ | ૧૯૨ |
| કપાસ શંકર | ૮૮૫ | ૧૪૪૮ |
| નાળીયેર | ૧૧૧૫ | ૨૬૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરા એસટી ડેપો મેનેજરના અણઘડ વહીવટથી મુસાફરોને ભારે હાલાકી

**બંધ થયેલા રૂટ ફરી ચાલુ કરવા મુસાફરોએ માંગ કરી**


તસવીર : હાર્દિક બામટા

બગસરા, તા.૧૬

બગસરા એસટી ડેપો દ્વારા આડેધડ રૂટ બંધ કરી દેવાતા મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ડેપો મેનેજરની મનમાનીના લીધે લોકોને ચાર-ચાર કલાક બસ સ્ટેન્ડમાં બસની રાહ જોવી પડે છે. ડ્રાઈવરોની ઘટની વાત કરીને રૂટ બંધ કરાયા હતા, પરંતુ નવી ભરતી પછી પણ પરિસ્થિતિ યથાવત છે. કાયમી ડ્રાઈવરોને રજાઓ આપવામાં આવતા ડ્રાઈવરોમાં પણ કચવાટ જોવા મળી રહ્યો છે. ડેપોમાં ખખડધજ બસો હોવા છતાં તેને ચાલુ કરી નવા રૂટ શરૂ કરાતા નથી. વેપારી મંડળ અને પેસેન્જર એસોસિએશનની રજૂઆત છતાં ડેપો મેનેજર ડ્રાઈવરની કમીનું બહાનું આગળ ધરે છે. ખાનગી વાહનોને પ્રોત્સાહન મળી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે, જેના લીધે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. રોષે ભરાયેલા લોકો દ્વારા વહેલી તકે બંધ રૂટ ચાલુ કરવાની માંગ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે રક્તદાન કેમ્પમાં ૧૧૫ યુનિટ રક્ત એકત્રિત

**સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય કૌશિક વેકરીયા સહિતની હાજરી**



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લા પંચાયત ખાતે 'રક્તદાન મહાદાન' અંતર્ગત એક મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન સાથેના તણાવપૂર્ણ માહોલમાં દેશના જવાનો માટે રક્તની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ કેમ્પ યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરિયા અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કેમ્પમાં ૧૧૫ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા સહિત અનેક અધિકારીઓ અને પદાધિકારીઓએ રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સારહી યુથ ક્લબ, લાયન્સ ક્લબ રોયલ, રોટરી ક્લબ જેવી વિવિધ સંસ્થાઓએ સહયોગ આપ્યો હતો. જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા આયોજિત આ કેમ્પને અધિકારીઓ, કર્મચારીઓ અને રક્તદાતાઓએ સફળ બનાવ્યો હતો.

# અમરેલીમાં સાંજના સુમારે જોરદાર વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક

અમરેલી,તા.૧૬

હવામાન વિભાગની આગાહી મુજબ ગત એક અઠવાડિયાથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો છે. અમરેલી જિલ્લામાં પણ છેલ્લાં સાત દિવસથી કમોસમી વરસાદ પડતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. શુક્રવારે અમરેલીમાં ભારે ગરમી બાદ સાંજના સુમારે અચાનક જ જોરદાર વરસાદી ઝાપટુ પડયુ હતું. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સતત વરસી રહેલા વરસાદને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન ગયુ છે. હજુ આગામી દિવસો સુધી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદને કારણે લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી. જો કે અઠવાડીયા પછી તાપમાનમાં વધારો થાય તેવી સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે.

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગોને રૂા.૭૮૬૪ કરોડથી વધુની સહાય અપાઈ

ગાંધીનગર,તા.૧૬



રાજ્ય સરકારની ઉદાર ઉદ્યોગ નીતિના અસરકારક અમલીકરણના પરિણામે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત સરકાર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો - MSME માટે સહાય યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૧.૩૦ લાખ કરતાં વધુ એકમોને રૂ. ૭,૮૬૪ કરોડ કરતાં વધુની સહાય આપી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્રને સાકાર કરવામાં સિંહફાળો આપી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં ઉદ્યોગ ક્ષેત્રમાં 'ઝીરો ઈફેક્ટ ઝીરો ડિફેક્ટ'-ZED સર્ટિફિકેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે. રાજ્યમાં અંદાજે ૮૯ હજાર કરતાં વધુ ZED-રજિસ્ટર્ડ MSME અને ૫૯ હજાર કરતાં વધુ ZED-પ્રમાણિત MSME નોંધાયા છે, જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. કેન્દ્ર સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ મંત્રાલય દ્વારા જે પહેલા 'ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ' તરીકે ઓળખાતું હતું તેની જગ્યાએ 'ઉદ્યમ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ'ની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ્યમાં ૨૩.૭૯ લાખ કરતાં વધુ એકમોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ધોધમાર બે ઈંચ વરસાદ

કોડીનાર,તા.૧૬



કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સાડા બાર વાગ્યે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો. માત્ર એક કલાકમાં બે ઈંચ વરસાદ પડી ગયો હતો. બપોરે ૧૨:૩૦ થી ૧:૩૦ દરમિયાન ધોધમાર વરસાદ પડ્યો હતો અને બે ઈંચ વરસાદ નોંધાયો હતો. મોસમનો કુલ વરસાદ ૫ ઈંચ થયો છે. સતત કમોસમી વરસાદથી મગ, તલ, કેરી સહિત અન્ય ઉનાળુ પાકને ભારે નુકસાન થયું છે. અચાનક ધોધમાર વરસાદથી ડોળાસાની બજારોમાં પાણીનો ભરાવો થયો હતો.

# ધોરાજીના સૂપેડી ખાતે યુદ્ધ જેવી આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા રક્તદાન કેમ્પ યોજાયો

ધોરાજી,તા.૧૬


તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજી તાલુકાના સૂપેડી ગામ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ધ્રુવ આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન યુદ્ધ જેવી આકસ્મિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, આરોગ્ય શાખા દ્વારા આ મહત્વપૂર્ણ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ધોરાજી તાલુકા હેલ્થ ઓફિસર ડો. વાછાણી, મેડિકલ ઓફિસર ચગ, ધોરાજી તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ રામભાઈ હેરભા, સરપંચ જતીનભાઈ દલસાણીયા, નાની વાવડીના સરપંચ રાજેશભાઈ પીઠીયા, APMCના ઉપ પ્રમુખ નિલેશભાઈ કણસાગરા સહિતના અગ્રણીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કેમ્પમાં સ્થાનિક લોકો અને યુવાનોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું.

# ઉના ખાતે બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૮૪ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું

ઉના, તા. ૧૬



પ્રવર્તમાન સંજોગોમાં જો કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઉભી થાય તો ઉત્તમ આરોગ્યલક્ષી સેવાઓ સારી રીતે પૂરી પાડી શકાય તે માટે જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર તથા દિવ્ય જ્યોત બ્લડ બેંક દ્વારા યોગ કેન્દ્ર, વરસિંગપુર રોડ, ઉના ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રના મહેસૂલ, પંચાયત સહિત અન્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ તેમજ ઉના અને ગીરગઢડા તાલુકાના નાગરિકો દ્વારા સ્વૈચ્છિક રક્તદાન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૨૮૪ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, ઉના નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, પ્રાંત અધિકારી કે.આર. પરમાર, ગીરગઢડા તાલુકા વિકાસ અધિકારી ત્રિવેદી, ઉના મામલતદાર ડી.કે. ભીમાણી, તાલુકા વિકાસ અધિકારી કે.પી. ચાવડા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિપુલ દુમાતર, પીઆઈ એમ.એન. રાણા, ચીફ ઓફિસર જે.જે. ચૌહાણ, ઉના તાલુકા પંચાયત પ્રમુખ એભાભાઈ મકવાણા, ગીરગઢડા તાલુકા પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, તાલુકા હેલ્થ સ્ટાફ, અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડોળાસા ગામે ચીખલી રોડ નજીક ૨૦ પરિવારો રસ્તાના પ્રશ્ને પરેશાન

ડોળાસા તા.૧૬

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ચીખલી રોડ નજીક આવેલ રહેણાંક વિસ્તારના મુખ્ય રોડ પર આખું ચોમાસુ પાણીનું તળાવ ભરેલું રહે છે. છેલ્લા ત્રણ વર્ષથી આ હાલત છે. પણ હજુ સુધી આ પ્રશ્નના નિવારણ માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. ડોળાસા ગામના વીસ પરિવારો એવા છે જે આખું ચોમાસુ એક થી બે ફૂટ પાણીમાંથી પસાર થાય છે. અહી ત્રણ વર્ષથી વરસાદી પાણીનો ભરાવો થાય છે પણ તેના કાયમી નિકાલ માટે કોઈ કામગીરી કરવામાં આવી નથી. ત્રણ મહિના સુધી પાણીનો બંધિયાર જથ્થો ગંદકીનું રૂપ ધારણ કરે છે અને રોગચાળાનો ભોગ પણ આ પરિવારો જ બને છે.

# દેહગામનો એક વર્ષથી ફરાર આરોપી ઉનામાં ઝડપાયો

ઉના, તા.૧૬



ઉના પોલીસે પેટ્રોલિંગ દરમિયાન સુનીલનાથ ઉર્ફે બોડી દીવાનાથ ચોહાણ (ઉં.વ. ૨૦) નામના એક શંકાસ્પદ શખ્સને ઝડપી પાડ્યો છે. આરોપી મૂળ દેહગામના ગણેશપુરનો રહેવાસી છે અને મજૂરીકામ કરે છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ આરોપી છેલ્લા એક વર્ષથી ફરાર હતો અને તેની સામે ઉના ઉપરાંત ઈડર અને દેહગામ પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે. ઉના પોલીસે આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સુત્રાપાડા પોલીસે ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ, બીયરનો જથ્થો ઝડપ્યો

ઉના, તા.૧૬


તસવીર : કૈલાશ ભટ્ટ

સુત્રાપાડા પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, કોડીનાર તરફથી એક ઈસમ ફોરવ્હીલ ગાડીમાં ઈંગ્લીશ દારૂ લઈને આવે છે જેથી સુત્રાપાડા કોડીનાર રોડ વડોદરા ઝાલા ગામ જતા સિમેન્ટ રોડ પાસે વોચમાં હતી તે દરમિયાન બાતમી હકિકતવાળી જગ્યાએ ગાડી આવતા રોકાવી ચેક કરતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાંડની બોટલો, બીયરનો જથ્થો મળ્યો હતો. પોલીસે કાર, મોબાઈલ સહિત કુલ રૂ.૧,૯૬,૧૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૯૯/૨૦૨૫

અરજદાર :- શ્રી પ્રેમજીભાઈ અરજણભાઈ લાડુમોર,
સરનામું :- રહે.રાજુલા, તા.રાજુલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફીસરશ્રી, રાજુલા
તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી પ્રેમજીભાઈ અરજણભાઈ લાડુમોર, એ તેમના માતા શ્રી.સ્વ અમૃતબેન અરજણભાઈ લાડુમોરનું મરણે તા.૧૫/૦૯/૧૯૯૫ ના રોજ રાજુલા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળ : રાજુલા
તા.૦૧/૦૫/૨૦૨૫
કોર્ટનો સિક્કો

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૩૪/૨૦૨૫

અરજદાર :- શ્રી જાનાભાઈ દુલાભાઈ હડિયા
સરનામું :- રહે.વાડલી, તા.રાજુલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી વડલી
તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વડલી ગામના શ્રી જાનાભાઈ દુલાભાઈ હડિયા, એ તેમના બેન શ્રી કાશીબેન દુલાભાઈ વા/ઓ સામંતભાઈ કવાડ નો જન્મ તા.૨૦/૦૨/૧૯૮૭ ના રોજ વડલી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.ડી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મનોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૬ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

સ્થળ : રાજુલા
તા.૧૬/૦૫/૨૦૨૫
કોર્ટનો સિક્કો

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૦/૨૦૨૫ તા.૧૭/૦૪/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. લલિયા અલીભાઈ સુલેમાનભાઈ
રહે. મુ.મીતીયાળા તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી શબનમબેન અલીભાઈ લલિયાનો જન્મ તા.૧૦/૦૭/૧૯૯૪ ના રોજ મુ.મિતિયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૩૧/૨૦૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. કાકરેચા મુક્તાબેન રમણીકભાઈ
રહે. ખોડીયાર નગર, નેસડી રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી યોગીતાબેન રમણીકભાઈ કાકરેચાનો જન્મ તા.૨૮/૦૩/૧૯૮૩ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે.

અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીક્ટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૩૧૯/૩ પૈકી પ્લોટ નં. ૫૮ ની કુલ ૭૬-૪૨ ચો. મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ ચીમનભાઈ છગનભાઈ મારૂની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે. જે મીલકત હાલ નયનાબેન શંભુભાઈ માંડવીયાએ વેચાણે રાખવાનું નકકી કરેલ છે.


આ અમારી ઉપરોક્ત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૩૯, તા. ૪/૧/૨૦૦૫ ના રોજ પરબતભાઈ ભાદાભાઈ કાનાણી પાસેથી પ્રવિણભાઈ મનસુખભાઈ કોટડીયા એ વેચાણે રાખેલ છે તે અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ખોવાઈ ગયેલ છે. તેવી માહીતી અમોને આપેલ છે. જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક- હીત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોક્ત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોક્ત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ, કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

તા.૧૭/૫/૨૦૨૫
અમરેલી.

# દિલ્હીમાં હવા ઝેરી : એનસીઆરમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૩૦૫ ઉપર પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧૬




રાજસ્થાનમાં બનાવવામાં આવી રહેલા પ્રેશર ગ્રીડની અસર રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને એનસીઆરમાં જોવા મળી રહી છે. દિલ્હીની હવાની ગુણવત્તામાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. શુક્રવારે સવારે રાજધાની દિલ્હી અને એનસીઆરમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૩૦૫ પર રહ્યો છે. તમને જણાવી દઈએ કે આ માહિતી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ એટલે કે સીપીસીબી દ્વારા શેર કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે રાજધાની દિલ્હી અને એનસીઆરમાં ધૂળિયા પવનો જોવા મળ્યા હતા, જેના સંદર્ભમાં એવું કહેવામાં આવ્યું હતું કે તેની અસર રાજધાની દિલ્હીમાં ૨ દિવસ સુધી જોવા મળી શકે છે. આ અંગે વરિષ્ઠ આઈએમડી વૈજ્ઞાનિક નરેશ કુમારે જણાવ્યું હતું કે, 'રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં તાપમાન ઝડપથી વધી રહ્યું છે. કેટલીક જગ્યાએ, તાપમાન અચાનક ઘટી રહ્યું છે. આ કારણોસર રાજસ્થાનમાં પ્રેશર ગ્રીડ તૈયાર કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, રાજસ્થાનમાં ફૂંકાઈ રહેલું ધૂળનું તોફાન પંજાબ અને હરિયાણાને પાર કરીને દિલ્હી-એનસીઆર સુધી પહોંચી ગયું છે. વરિષ્ઠ વૈજ્ઞાનિક નરેશ કુમારે વધુમાં જણાવ્યું હતું કે રાજસ્થાનમાં આવી મોસમી પ્રવૃત્તિ ૨ થી ૩ દિવસ સુધી જોઈ શકાય છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરમાં દર્શન કરશે

બિકાનેર,તા.૧૬





ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરની મુલાકાત લેવાના છે. પીએમ મોદી ૨૨ મેના રોજ કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ પીએમ મોદી સાથે હાજર રહેશે. કરણી માતા મંદિર રાજસ્થાનના બિકાનેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર દેશનોક વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે કરણી માતા દેવી દુર્ગાનો અવતાર છે. વર્ષમાં બંને નવરાત્રી નિમિત્તે કરણી માતા મંદિરમાં ભારે ભીડ ઉમટે છે. આ સમય દરમિયાન, કરણી માતાના મંદિરને શણગારીને પણ આ તહેવાર ઉજવવામાં આવે છે. કરણી માતા મંદિરનું નિર્માણ ૧૫મી સદીની આસપાસ રાજપૂત રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જોધપુર અને બિકાનેર પર શાસન કરનારા રાઠોડ રાજાઓ દ્વારા કરણી માતાની પૂજા કરવામાં આવતી હતી. કરણી માતાને બિકાનેર રાજવી પરિવારની કુળદેવી માનવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે તેમના આશીર્વાદથી જ બિકાનેર અને જોધપુર રજવાડાઓની સ્થાપના થઈ હતી.

# આંબેડકર હોસ્ટેલ કેસમાં રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ દાખલ કરાયો

પટણા,તા.૧૬

બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. આવી સ્થિતિમાં, વિવિધ પક્ષોના મોટા નેતાઓ દરરોજ બિહારની મુલાકાત લઈ રહ્યા છે. દરમિયાન, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી ગુરુવારે બિહાર પહોંચ્યા હતા. આ દરમિયાન, આંબેડકર હોસ્ટેલ જતી વખતે, પોલીસે રાહુલ ગાંધીને રસ્તામાં લાંબા સમય સુધી રોક્યા હતા. રાહુલ ગાંધી કાર્યક્રમ સ્થળે પહોંચતા પહેલા થોડીવાર પોતાની કારમાં બેઠા રહ્યા પરંતુ પછી વહીવટીતંત્ર તરફથી પરવાનગી ન મળતાં, તે પોતાની કારમાંથી ઉતરી ગયા અને પરવાનગી વિના પગપાળા આંબેડકર હોસ્ટેલ પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે રાહુલ ગાંધી બિહારના દરભંગા જિલ્લામાં આવેલી આંબેડકર છાત્રાલયમાં વહીવટીતંત્રની પરવાનગી વિના પહોંચ્યા હતા. દરમિયાન, ગુરુવારે, પોલીસે રાહુલ ગાંધી અને ૧૦૦ થી વધુ પાર્ટી કાર્યકરો વિરુદ્ધ 'શિક્ષા ન્યાય સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવા બદલ બે એફઆઈઆર દાખલ કરી છે.

# સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના પુણેમાં ૩૦ એકર અનામત વન જમીનની ગેરકાયદેસર ફાળવણી રદ કરી

નવીદિલ્હી,તા.૧૬



સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના પુણેમાં ૩૦ એકર આરક્ષિત વન જમીનની ગેરકાયદેસર ફાળવણી રદ કરી છે. સુપ્રીમ કોર્ટે રાજકારણીઓ, નોકરશાહો અને બિલ્ડરો વચ્ચેના જોડાણ પર ભારે ટીકા કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પછાત વર્ગના લોકોના પુનર્વસનની આડમાં કિંમતી વન જમીન વાણિજ્યિક હેતુ માટે આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે આદેશ જારી કર્યો હતો. આવા કેસ માટે એસઆઈટી બનાવવાનો પણ આદેશ આપ્યો છે. આવા કિસ્સાઓમાં, જમીન પાછી લેવા અને તેને વન વિભાગને સોંપવાની સૂચનાઓ અપાય છે. વાસ્તવમાં, આ જમીન ૧૯૯૮-૯૯માં રિચી રિચ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને માત્ર ૨ કરોડ રૂપિયામાં ફાળવવામાં આવી હતી. બેન્ચે આ માટે તત્કાલીન મહેસૂલ મંત્રી એકનાથ ખાદર, વિભાગીય કમિશનર અને બિલ્ડર અનિરુદ્ધ પી. દેશપાંડેને જવાબદાર ઠેરવ્યા છે. સીજેઆઈ બીઆર ગવઈ, જસ્ટિસ એજી મસીહ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચે ચુકાદો આપ્યો કે ૧૨ ડિસેમ્બર, ૧૯૯૬ પછી બિન-વનીકરણ હેતુઓ માટે ખાનગી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને અનામત વન જમીનની ફાળવણી ગેરકાયદેસર છે.

# બેંગ્લોરનું હરે કૃષ્ણ હિલ મંદિર હવે ઈસ્કોન બેંગ્લોર પાસે રહેશે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૬

સુપ્રીમ કોર્ટે ઈસ્કોન બેંગ્લોર અને ઈસ્કોન મુંબઈ વિવાદમાં એક મોટો નિર્ણય આપ્યો છે. કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે બેંગ્લોર હરે કૃષ્ણ હિલ મંદિર હવે ઈસ્કોન બેંગ્લોર પાસે રહેશે. સુપ્રીમ કોર્ટે મુંબઈ ઈસ્કોનના અધિકારો પણ રદ કર્યા છે. આ નિર્ણય સાથે, સુપ્રીમ કોર્ટે કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયને પણ રદ કર્યો છે. પોતાનો ચુકાદો આપતી વખતે, સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો છે. તમને જણાવી દઈએ કે નીચલી કોર્ટે ઈસ્કોન મુંબઈના અધિકારોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે ઈસ્કોન બેંગ્લોર ઈસ્કોન મુંબઈની શાખા નથી પરંતુ એક સ્વતંત્ર સંસ્થા છે. જ્યારે આ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો, ત્યારે કોર્ટે કહ્યું કે બેંગ્લોરની માલિકી ઈસ્કોન મુંબઈ પાસે રહેશે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અભય એસ ઓક અને ન્યાયાધીશ ઉજ્જલ ભુઈયાની બેન્ચે ઈસ્કોનમાં દાયકાઓ જૂના વિવાદ પર આ ચુકાદો આપ્યો છે.

# દેશના મુખ્ય ચૂંટણી કમિશનર વિધાનસભા ચૂંટણીની સમીક્ષા કરવા બિહાર પહોંચ્યા

પટણા,તા.૧૬



ભારત સરકારના મુખ્ય ચૂંટણી કમિશનર ડૉ. વિવેક જોશી બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવા માટે ચાર દિવસની મુલાકાતે પટના પહોંચ્યા છે. આ દરમિયાન તેઓ બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓનો પણ અભ્યાસ કરશે. ચૂંટણી કમિશનર રાજ્યના તમામ જિલ્લાઓના ડીએમ, એસએસપી, આઈજી, ડીઆઈજી સાથે બેઠક કરશે. તેઓ મોતીહારી અને બેતિયા પણ જશે અને EVM નું ફર્સ્ટ લેવલ ચેકિંગનું નિરીક્ષણ કરશે. આ ઉપરાંત, વિધાનસભા ચૂંટણીમાં પારદર્શિતા, સુરક્ષા અને મતદાન કેન્દ્રોની સ્થિતિનું નિરીક્ષણ કરશે. મળતી માહિતી મુજબ, ચૂંટણી કમિશનર ડૉ. વિવેક જોશી આજે મોતીહારી પહોંચશે અને ૧૭ મેના રોજ સવારે કલેક્ટર કચેરી ખાતે સ્થિત ઈવીએમ અને વીવીપીએટી વેરહાઉસનું નિરીક્ષણ કરશે. આ પછી તેઓ બેતિયા જવા રવાના થશે. ભારત સરકારના ચૂંટણી કમિશનરની મુલાકાત ઘણી રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીમાં પૂર્વ ચંપારણ જિલ્લાના ડીએમ સૌરભ જોરવાલને તેમના સારા કાર્ય અને ચૂંટણી વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવામાં આવ્યા છે. બીજી તરફ, વિધાનસભા ચૂંટણીના દૃષ્ટિકોણથી, પૂર્વ ચંપારણ બિહારનો પટના પછી બીજો જિલ્લો છે, જેમાં ૧૨ વિધાનસભા મતવિસ્તાર છે.

# ભારતનો પક્ષ રજૂ કરવા તમામ પક્ષના સાંસદો વિદેશ જશે

ન્યૂ દિલ્હી,તા.૧૬



કેન્દ્ર સરકાર ઓપરેશન સિંદૂર પર ભારતનો પક્ષ રજૂ કરવા માટે તમામ પક્ષોના સાંસદોને વિદેશમાં મોકલશે. ૫-૬ સાંસદોના ૮ જૂથો ૨૨ મેથી ૧૦ દિવસ માટે ૫ દેશોની મુલાકાત લેશે. ત્યાંની સરકાર અને સામાન્ય લોકોને પહેલગામ આતંકી હુમલા અને ઓપરેશન સિંદૂર સાથે જોડાયેલી જાણકારી આપશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વિવિધ પક્ષોના વરિષ્ઠ સાંસદો વિદેશ પ્રવાસો પર જૂથોનું નેતૃત્વ કરશે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને એક જૂથનું નેતૃત્વ કરવાની તક મળી શકે છે. AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીને પણ પ્રતિનિધિમંડળનો ભાગ બનાવવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સાંસદો સાથે વિદેશ મંત્રાલય (MEA)ના એક અધિકારી અને એક સરકારી પ્રતિનિધિ પણ રહેશે. આ પ્રતિનિધિમંડળો અમેરિકા, યુકે, દક્ષિણ આફ્રિકા, કતાર અને યુએઈ જશે અને ત્યાં પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ અને આતંકવાદ સામે ભારતના વલણને સમજાવશે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ સાંસદોની વિદેશ મુલાકાતોનું સંકલન કરી રહ્યા છે. પ્રતિનિધિમંડળમાં જોડાવા માટે સાંસદોને આમંત્રણ મોકલવામાં આવ્યા છે. સાંસદોને તેમના પાસપોર્ટ અને જરૂરી મુસાફરી દસ્તાવેજો તૈયાર રાખવાની સલાહ આપવામાં આવી છે.

# ઓપરેશન સિંદૂરને કારણે સંરક્ષણ બજેટમાં વધુ વધારો થવાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૬




ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદ વિરુદ્ધ તેનું ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે અને જો વધુ જરૂર પડશે, તો આ ઓપરેશન હેઠળ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવશે. સરકારની આ જાહેરાત પછી, હવે સૂત્રો પાસેથી સમાચાર આવી રહ્યા છે કે ઓપરેશન સિંદૂરને કારણે, સરકાર તેના સંરક્ષણ બજેટમાં વધુ વધારો કરવાનું વિચારી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સંરક્ષણ બજેટમાં ટૂંક સમયમાં વધારાની ફાળવણી કરવામાં આવી શકે છે. આ વધારાની ફાળવણી સશસ્ત્ર દળોની જરૂરિયાતો, જરૂરી ખરીદીઓ અને સંશોધન વિકાસ માટે કરી શકાય છે. આ વધારાની ફાળવણી નવા શસ્ત્રો અને દારૂગોળો, ટેકનોલોજીની ખરીદી પાછળ ખર્ચવામાં આવશે.

# પાક. વિદેશ મંત્રીની ગીધડ ધમકી : ભારત સાથે યુધ્ધવિરામ ૧૮ મે સુધી જ છે

ઈસ્લામાબાદ,તા.૧૬



પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે દાવો કર્યો હતો કે પાકિસ્તાન અને ભારતના ડાયરેક્ટર્સ જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સએ યુદ્ધવિરામ અંગે ચર્ચા કરવા માટે હોટલાઈન પર વાત કરી હતી. તેમણે કહ્યું કે હવે બંને દેશોના ડીજીએમઓ વચ્ચે ૧૮ મેના રોજ વાતચીત થશે. ડારે સંસદમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના ડીજીએમઓ મેજર જનરલ કાશિફ અબ્દુલ્લા અને તેમના ભારતીય સમકક્ષ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ બુધવારે બપોરે હોટલાઈન પર વાત કરી હતી. ડારના દાવા પર ભારતીય પક્ષ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

# અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સે તુર્કીની કંપની સેલેબી સાથેનો ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરાર રદ કર્યો

વોશિંગ્ટન,તા.૧૬





ભારત વિરુદ્ધ પાકિસ્તાનને તુર્કીના સમર્થનના વિરોધમાં ભારતીયો, ભારતીય ઉદ્યોગપતિઓ અને ભારતીય કંપનીઓ દ્વારા તુર્કીનો બહિષ્કાર સતત વધી રહ્યો છે. હવે નવા એપિસોડમાં, ભારતીય કંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ પણ આ બહિષ્કારમાં જોડાઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, કંપનીએ મુંબઈ અને અમદાવાદ એરપોર્ટ માટે તુર્કીની કંપની સેલેબી સાથેનો ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરાર રદ કર્યો છે. ભારતીય કંપનીએ એમ પણ કહ્યું કે સેલેબીને અવિરત કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ ગ્રાઉન્ડ હેન્ડલિંગ સુવિધાઓ તાત્કાલિક કંપનીને સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, કેન્દ્ર સરકારે તુર્કી એરલાઈન કંપનીની સુરક્ષા મંજૂરી રદ કર્યા પછી આ કન્સેશન કરારો સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**અનેક લોકો કાટમાળ નીચે દબાયા, ઈમારતો ખંડેર બની**

# ગાઝા પર ફરી ઈઝરાયેલનો ભીષણ હુમલો : ૯૨ લોકોના મોત

તેલ અવીવ,તા.૧૬



હમાસ સાથે યુદ્ધ કરી રહેલા ઈઝરાયલે ગાઝા પર ફરી ભયાનક હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૯૩ લોકોના મોત થયા હોવાના તેમજ અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ એક પત્રકારે ઈન્ડોનેશિયન હૉસ્પિટલમાં ૯૩ મૃતદેહોની ગણતરી થઈ હોવાની પુષ્ટી કરી છે. જ્યારે ઈજાગ્રસ્તો અને બચાવ કર્મચારીઓએ કહ્યું કે, અનેક લોકો કાટમાળ નીચે દબાયા છે. ઈઝરાયલે ગાઝા પર સતત ત્રીજા દિવસે ઘાતક હવાઈ હુમલા કર્યા છે. આ પહેલા તેણે દક્ષિણ ગાઝાના ખાન યુનિસ શહેર પર ગુરુવારે (૧૫ મે) ભયાનક હુમલા કર્યા હતા, જેમાં ૫૪ લોકોના મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે બુધવારે (૧૪ મે) ઉત્તર અને દક્ષિમ ગાઝામાં કરાયેલા હુમલામાં બે ડઝન બાળકો સહિત ૭૦ લોકોના મોત થયા હતા.

# એપલ કંપની યોજનાઓમાં કોઈ ફેરફાર કરશે નહીં અને ભારતમાં રોકાણ ચાલુ રાખશે

વોશિંગ્ટન,તા.૧૬



આઈફોન નિર્માતા કંપની એપલે ભારત સરકારને ખાતરી આપી છે કે દેશ માટે તેની રોકાણ યોજનાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતમાં એપલની ઉત્પાદન હાજરીની જાહેરમાં ટીકા કર્યા બાદ એપલ તરફથી આ પ્રતિબદ્ધતા આવી છે. એક અહેવાલમાં એક સરકારી સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ભારતમાં એપલની રોકાણ યોજનાઓમાં કોઈ ફેરફાર થયો નથી અને કંપનીએ ભારત સરકારને ભારતને એક મુખ્ય ઉત્પાદન આધાર તરીકે ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતા અંગે ખાતરી આપી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કતારના દોહામાં એક બિઝનેસ ઈવેન્ટ દરમિયાન કહ્યું કે તેમણે એપલના સીઈઓ ટિમ કૂક સાથે ભારતમાં કંપનીના વિસ્તરણ અંગે વાત કરી છે. 'મને ગઈકાલે ટિમ કૂક સાથે થોડી સમસ્યા થઈ હતી,' ટ્રમ્પે કહ્યું. મેં તેને કહ્યું મારા મિત્ર, હું તારી સાથે ખૂબ સારો વ્યવહાર કરું છું પણ હવે મને ખબર પડી છે કે તું આખા ભારતમાં ઉત્પાદન કરી રહ્યો છે. હું નથી ઈચ્છતો કે તમે ભારતમાં ઉત્પાદન કરો. મેં કૂકને કહ્યું કે ભારત પોતાનું ધ્યાન રાખી શકે છે. ભારતને બદલે, એપલે અમેરિકામાં તેનું ઉત્પાદન વધારવું જોઈએ. આ ટિપ્પણીઓ છતાં, ભારતનો ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ આત્મવિશ્વાસ ધરાવે છે. ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ રાજો ગોયલે જણાવ્યું હતું કે, 'થોડી મંદી હોઈ શકે છે, પરંતુ મને ખરેખર નથી લાગતું કે તેની ભારત પર એટલી અસર થશે.' ગોયલે ટ્રમ્પની ટિપ્પણીઓને 'માત્ર એક નિવેદન' ગણાવી અને આશા વ્યક્ત કરી કે યુએસ રાષ્ટ્રપતિ 'પોતાનું વલણ બદલી શકે છે.'

# આઈએસઆઈ સાથે સંકળાયેલા જાલંધરના યુવકની ગુજરાત પોલીસે અટકાયત કરી

**યુવક પાસેથી યુદ્ધ સંબંધિત ઘણા શંકાસ્પદ વીડિયો મળી આવ્યા**


અમદાવાદ,તા.૧૬

ગુજરાત પોલીસે પંજાબના જાલંધરથી એક યુવકની ધરપકડ કરી છે અને તેની પાસેથી ચાર મોબાઈલ ફોન અને ત્રણ સિમ કાર્ડ જપ્ત કર્યા છે. આરોપીના ફોનમાંથી ભારત-પાકિસ્તાન યુદ્ધ સંબંધિત ઘણા શંકાસ્પદ વીડિયો, સમાચાર લિંક્સ અને ફોન નંબર મળી આવ્યા છે. જોકે, પોલીસનું કહેવું છે કે આરોપીની સાયબર છેતરપિંડીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આરોપી એક શંકાસ્પદ એપ દ્વારા છેતરપિંડીનું કામ કરતો હતો. જાલંધર પોલીસે તેની ધરપકડની પુષ્ટિ કરી છે. એવી ચર્ચા છે કે આરોપી પાકિસ્તાનની ISI સાથે સંકળાયેલો હતો, જોકે આ અંગે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. આરોપીને ગુજરાતની ગાંધીનગર પોલીસ લઈ ગઈ છે. તેની જાલંધરના ભાર્ગવ કેમ્પ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ બિહારના રહેવાસી મોહમ્મદ મુર્તઝા અલી તરીકે થઈ છે. જે જાલંધરના ગાંધીનગરમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ગુજરાત પોલીસ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસે આરોપી પાસેથી મળેલા ફોનમાંથી ઘણા શંકાસ્પદ વીડિયો અને ફોટોગ્રાફ્સ જપ્ત કર્યા છે. આ ઉપરાંત કેટલાક શંકાસ્પદ ફોન નંબર પણ મળી આવ્યા છે. જોકે, આ અંગે જાલંધર પોલીસનું કહેવું છે કે આરોપી સાયબર ક્રાઈમમાં સામેલ હતો. જેમની ગુજરાત પોલીસે અટકાયત કરી છે. અમારી ટીમ દરોડામાં તેમની સાથે ગઈ હતી.

# અમદાવાદ શહેરમાં જીન્સ બનાવતી ફેક્ટરીના પાણીના ટાંકામાં ડૂબી જતા ત્રણ શ્રમિકોના મોત

અમદાવાદ,તા.૧૬

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં જીન્સ બનાવતી કંપનીમાં કાપડ ધોવાની ટાંકીમાં ઉતરેલા ત્રણ યુવકના મોત નિપજ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. શહેરના દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગર પાસે




જીન્સ બનાવતી કંપનીમાં ત્રણ યુવકોના ટાંકીમાં ડૂબવાથી મોત નિપજ્યા છે. આ યુવકોની ઓળખ સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર અને પ્રકાશ પરમાર તરીકે થઈ છે. મૃતકોના પરિવારજનોનો આરોપ છે કે, કંપનીની બેદરકારીના કારણે ત્રણેય શ્રમિકોના મૃત્યુ થયા છે. મૃતકોના મૃતદેહ આખી રાત ટાંકીમાં જ પડ્યા રહ્યાનો દાવો કરાયો છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે પહોંચી અને મૃતકોના મૃતદેહોને મણિનગરની એલ.જી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા હતા. ત્રણેય યુવકોની ઉંમર ૨૫-૩૦ વયની વચ્ચે હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ડીસામાં પાંજરાપોળમાં ઝેરી ઘાસચારો ખાતા ૩૬ ગાયના મોત

ડીસા,તા.૧૬

ડીસાના બલોધર ખાતે આવેલી ભીલડીયાજી મહાજન પાંજરાપોળમાં ૨૭૦ જેટલી ગાયોની સારસંભાળ રાખવામાં આવે છે. બુધવારે સાંજે ગાયોને ઘાસચારો નાખવામાં આવ્યો હતો. તે ખાતાની સાથે ૩૬ જેટલી ગાયોને ખોરકી ઝેરની અસર થતાં મોત નિપજ્યા હતા. પશુ ચિકિત્સકના જણાવ્યા પ્રમાણે ઉનાળાની ગરમીમાં



બફારાના લીધે ઘાસચારામાં ઝેરની અસર થવાથી આ ગાયોના મોત થયા હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ડીસા તાલુકાના બલોઘર ગામ ખાતે આવેલી ભીલડીયાજી મહાજન પાંજરાપોળમાં ૨૭૦થી વધુ ગાયોની દેખરેખ રાખવામાં આવે છે. જેમાં ૧૪ મે ૨૦૨૫ને બુધવારના સાંજના સમયે ગાયોને ઘાસચારો નાખવામાં આવ્યો હતો. જેને ખાતાં નાની મોટી ૩૬ ગાયોના ટપોટપ મોત થયા હતા.

# ૨૫ મેથી રાજ્યમાં ભારે ગરમી પડવાની આગાહી

અમદાવાદ,તા.૧૬

હવામાન વિભાગે આગામી ૨૧ તારીખ સુધી રાજ્યમાં છૂટાછવાયા વિસ્તારમાં વરસાદની આગાહી કરી છે. બીજી તરફ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે મે મહિનામાં જ ગુજરાતના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી જવાની આગાહી કરી છે. અંબાલાલના મતે ૨૫ મેથી રોહિણી નક્ષત્ર બેસી રહ્યું હોઈ, રાજ્યના અનેક વિસ્તારમાં ૪૪ ડિગ્રી સુધી ગરમી પડી શકે છે. આજે ૨૦ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળે વરસાદની આગાહી કરવામાં આવી છે, સાથે બેથી ચાર ડિગ્રી તાપમાન વધવાનું પણ અનુમાન વ્યક્ત કરાયું છે.











